Thursday 15, May 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૦૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### ઓપરેશન સિંદુરની સફળતા સાથે માજી સૈન્ય અધિકારીઓના નેતૃત્વમાં

## દમણમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા.૧૪ :** દમણમાં ભૂતપૂર્વ સૈન્ય અધિકારીઓના નેતૃત્વમાં તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં સેંકડો લોકોએ ભાગ લીધો હતો. બુધવારે સાંજે મશાલ ચોક ખાતે સેંકડો લોકો એકઠા થયા હતાં. લોકોએ ભૂતપૂર્વ સેવા અધિકારીઓને હાર પહેરાવીને તેમનું સ્વાગત કર્યું. ત્યારબાદ તિરંગા યાત્રા શરૂ કરવામાં આવી. તે મશાલ ચોકથી શરૂ થઈને તીન બત્તી, પોલીસ સ્ટેશન ચાર રસ્તા, જપાબાર થઈને બસ સ્ટેન્ડ પર સમાપ્ત થઈ. તેઓ ૧૦૮ ફૂટ લાંબો ત્રિરંગો પોતાના માથા ઉપર ઉંચો રાખીને ચાલી રહ્યા હતા. દેશભક્તિના નારાઓ સાથે, દમણના લોકો કહી રહ્યા હતા કે સૈનિકો ફક્ત સરહદો પર જ નહીં પરંતુ લોકોના હૃદયમાં પણ આદર પામે છે. લોકોએ પોતાની પ્રતિક્રિયા આપતાં આ વાત કહી. પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદના અડ્ડાને નષ્ટ કરવો એ સમયની માંગ હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભવિષ્યમાં પણ આતંકવાદ સામે આવા અભિયાન ચાલુ રાખવા જોઈએ. તિરંગા રેલીમાં ભાજપના પ્રભારી, પ્રદેશ પ્રમુખ દીપેશ ટંડેલ, નવીન પટેલ સહિત ઘણા લોકો હાજર રહ્યા હતા.

## સરીગામના ઈસમે ઓપરેશન સિંદુર સમયે રાષ્ટ્ર વિરોધી પોસ્ટ મુકતા પોલીસ ફરિયાદ : અટક કરી કાર્યવાહી હાથ ધરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૪ :** ઓપરેશન સિંદૂર દરમિયાન સોશિયલ મીડિયા પર રાષ્ટ્ર વિરોધી પોસ્ટ કરનાર ઉમરગામના ઈસમ સામે એફઆઈઆર દાખલ કરી અટકાયત કરી કાર્યવાહી હાથ ધરાય છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સોશિયલ મીડિયા પર રાષ્ટ્ર વિરોધી અને સૈન્યનું મનોબળ તૂટે તેવી પોસ્ટ કરનાર લોકો સામે કડક કાર્યવાહી કરવાના આદેશ અંતર્ગત હાલમાં જ ભારત પાકિસ્તાન વચ્ચે તળાવ ભર્યા વાતાવરણના ભારતીય સૈન્ય દ્વારા શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર દરમિયાન સોશિયલ મીડિયા પર રાષ્ટ્ર વિરોધી નકારાત્મક અને સૈન્યનું મનોબળ તોડનારી પોસ્ટ કરનાર ઉમરગામના સરીગામમાં રહેતા વસીમખાન વિરુદ્ધ વલસાડ જિલ્લા પોલીસ દ્વારા સોશિયલ મીડિયા પર સતત વોચ રાખવામાં આવી હતી. જે અંતર્ગત તારીખ ૧૪-૫-૨૦૨૫ના રોજ ઉમરગામ વિસ્તારમાં રહેતા એક કિસમે લોકોમાં ઉશ્કેરાટ ફેલાઈ તથા જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા વાંધાજનક વિડીયો તેમજ ફોટો સોશિયલ મીડિયામાં પોસ્ટ કરતા તાત્કાલિક ઉમરગામ પોલીસ દ્વારા ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી જે અંતર્ગત વાંધાજનક પોસ્ટ કરનારી સૌને પકડી પાડી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જોકે વલસાડ જિલ્લામાં આવી પોસ્ટ કરનાર બીજો કેસ દાખલ કરાયો છે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

REQUIRED
Required 10 to 20 Acr Industrial NA LAND In and around Valsad/Navsari District Daman/Dadra & Nagar Haveli for Pharmaceutical Industries
Contact:-9824103685

## આજે વાપીમાં મુખ્ય પાઈપલાઈન ખસેડવાની કામગીરીથી સાંજે પાણી પુરવઠો બંધ રહેશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૪ :** વાપી મહાનગરપાલિકાના પાણી વિભાગ દ્વારા જીઆઈડીસી ચાર રસ્તા હાઈવે અને વાપી ટાઉન ના જનસેવા ચાર રસ્તા સર્કલ પાસે પાઈપલાઈન ડાયવર્ટ અને અન્ય લાઈન ખસેડવાને કારણે વાપી ના નુતન નગર જલારામ સોસાયટી વિસ્તાર ડુંગરા ઝોન તેમજ વાપી ટાઉનના નામધા ખડકલા રોડ ના રામા રેસીડેન્સી અને રોફેલ કોલેજ વિસ્તારમાં પીવાનું પાણી તારીખ ૧૫ ૫ ૨૦૨૫ ને ગુરૂવારના રોજ સાંજના ટાઈમે બંધ રહેશે.

વાપી નગરપાલિકાના પાણી વિભાગ દ્વારા વાપી જીઆઈડીસી ચાર રસ્તા નેશનલ હાઈવે નંબર ૪૮ પાસે આવેલ આનંદ હોટલ પાસેનું ડુંગરા રાયસીંગ લાઈન ડાયવર્ટ કરવાના કામને લઈ તારીખ ૧૫-૫-૨૦૨૫ને ગુરૂવારના રોજ સાંજે વાપીના નૂતન નગર જલારામ સોસાયટી સુલપડ અને ડુંગરા ઝોન વિસ્તારમાં સાંજે પાણી વિતરણ કરવામાં આવશે નહીં તેવી જ રીતે વાપી ટાઉન ના કચ્છી ગામ રોડ ઉપર આવેલ જનસેવા હોસ્પિટલના સર્કલ પાસે થી પસાર થતી પીવાના પાણીની પાઈપ લાઈન ખસેડવાને લઈ આ વિસ્તારમાં આવતા નામધા ખડકલા રોડ તેમજ તબેલા વિસ્તારના રામા રેસીડેન્સી એપાર્ટમેન્ટ અને રોફેલ કોલેજ વિસ્તારમાં ગુરુવારે સાંજે પીવાનું પાણીનું વિતરણ કરવામાં આવશે નહીં જેને લઇ નગરજનોએ પોતાની વ્યવસ્થા કરી લેવા વાપી મહાનગરપાલિકાના પાણી વિભાગ દ્વારા જાણ કરાય છે.

## ડુંગરીમાં અખરોટમાંથી ઈયળ અને જીવાત નિકળી : વિડિયો વાયરલ થતાં દુકાન સંચાલન સામે કાર્યવાહી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૪ :** ડુંગરી હાઈવે પર આવેલી અઝફાન ડેડ એન્ડ નટ્સ નામની દુકાનમાંથી ગ્રાહકે ખરીદેલા અખરોટ તોડતા ની સાથે જ અંદરથી ઈયળ અને જીવાત જોવા મળતા ગ્રાહક ચોકી ઉઠ્યો હતો. જે અખરોટનો વિડીયો વાયરલ થયા બાદ વલસાડ જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દુકાન સંચાલક સામે કાયદેસર કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

વલસાડ તાલુકાના ડુંગરી હાઈવે પર અઝફાન ડેટ્સ એન્ડ એન્ડ નટ્સ નામની દુકાન આવેલી છે. આ એક દુકાનમાંથી ગ્રાહકે ૧૦૦૦૦ રૂપિયાની ડ્રાયફ્રુટ ખરીદી કરી હતી. જોકે તેમણે આ દુકાનમાંથી લીધેલા અખરોટ તોડી જોતા જ તેમાંથી ઈયળો અને જીવાત જોવા મળતા ગ્રાહક ચોંકી ઉઠી હતો. જે અંગે નો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વલસાડ જિલ્લા નેશનલ હાઈવે ૪૮ કે અન્ય જગ્યાએ આવેલી હોટલો માંથી સવાર-સવાર જીવાત વાળ કે અન્ય ચીજ વસ્તુઓ નીકળવાની ઘટનાઓ બનતી હોય છે ત્યારે ડુંગરી હાઈવે પર આવેલી અઝફાન નામની દુકાન માંથી ખરીદેલા અખરોટમાંથી ઈયળો અને જીવાત નીકળવાની ઘટના સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ વલસાડ ફૂડ એન્ડ ટ્રક વિભાગના અધિકારીઓએ દુકાનમાંથી તમામ પેકેટો કબ્જે લઈ આગળની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

*Congratulations to Damanganga Times On the occasion of the 28th Foundation day*

Explore the World of
PHOSPHOROUS CHEMESTRY

OFERING PHOSPHORUS BASED SPECIALITY CHEMICALS AND AGRO CHEMICALS GLOBLLY

SANDHYA GROUP OF COMPNIES

312, Nand Prem, 142, Nehru Road, Vile Parle (E), Mumbai-400057 Tel.: (+91-22) 6156 5555 Fax : (+91-22) 2610 4201
E-mail : socpl@vsnl.com, Website : www.sandhya-group.com

Regd. Office & Factory : Plot No. 808/A/2, IIIrd Phase, G.I.D.C. Vapi Tel. 0260-2430875, 2400235, Fax : 2430875

JOIN US FOR JOB ORIENTED COURSES



Well Equipped Labs
Spacious infrastructure in green Campus
Qualified and experienced faculty
Well Situated Hostel Facility

ADMISSION OPEN NOW

COURSES OFFERED

B.Sc. in H&HA
(3 years Degree)
No Age Limit | Eligibility: 12th Pass

Craft Course in Food Production
(1year)
Craft Course in F&B Service
(6months)
Eligibility: 10th Pass



sm.ihmsilvassa Ihm Silvassa

Learning Vegetarian only option available

CONTACT US
Ph: 0260-2634250
9690 40 3437, 9866 54 5057
www.ihmsilvassa.ac.in

INSTITUTE OF HOTEL MANAGEMENT & CATERING TECHNOLOGY | SILVASSA
(AFFILIATED TO NATIONAL COUNCIL FOR HOTEL MANAGEMENT & CATERING TECHNOLOGY)

## ડાંગમાં ડેમો/વિયરોના નિર્માણથી લોકોની પાણીની જરૂરિયાત કાયમી રીતે સંતોષવાની દિશામાં સરકાર કાર્યરત







**અહેવાલ, મનોજ ખેંગાર**

**આહવા, તા. ૧૪ :** ગુજરાતમા સૌથી વધારે વરસાદ ડાંગ જિલ્લામા વરસતો હોય છે ત્યારે, અહીં વધુમા વધુ સંખ્યામા ચેકડેમ અને વિયર બનાવી, સિંચાઈ માટે પાણી રોકી, લોકોને ખેતી તરફ વધૂ પ્રેરિત કરી શકાય તે માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સતત ચિંતિત છે. તો રાજ્યની ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર પણ લોકોની સુખાકારી માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે.

આ માટે સમગ્ર ગુજરાતમા સરકાર દ્વારા ઉદવહન સિંચાઈ યોજના તેમજ હયાત ડેમોનુ રીપેરીગ અને નવિનિકરણ કરીને, પાણીની સુવિધાઓ પુરી પાડવામા આવી રહી છે. ત્યારે રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લામા પણ, પાણીની તંગી દૂર કરવા તમામ સુવિધાઓ ઉભી કરી પાણીની સમસ્યા દૂર થાય તે માટે રાજ્ય સરકારની તૈયારી છે. જેમા રાજ્ય સરકાર દ્વારા ડાંગ જિલ્લામા તબક્કાવાર જરૂરિયાત મુજબ ડેમો અને વિયર બનાવવામા આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે, કે, ડાંગ જિલ્લાની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિને કારણે અહી ખાબકતા ધોધમાર વરસાદને લીધે ધસમસતા પાણીના આવરાને લીધે ટીપિકલ ડીઝાઈન મુજબના નાના ચેકડેમોની આવરદા ખૂબ ટૂંકી રહેવા પામે છે.

આવા ચેકડેમોમા નદીના પાણી સાથે કાંપ, માટી, પત્થરો, વૃક્ષો વિગેરે પણ તણાઈ આવતા હોઈ, ચેકડેમોને ભારે નુકશાન પણ થતુ હોય છે. સરવાળે, આવા ચેકડેમો લોકભોગ્ય ન રહેતા, પાણીની સમસ્યા ઠેર ની ઠેર રહેવા પામે છે.

આ પરિસ્થિતિના ઉકેલ સ્વરૂપે વેર-૨ યોજના વિભાગ-વ્યારા હસ્તકના જુજ પ્રોજેકટ કેનાલ સબ ડિવિઝન-૨, આહવા તથા દમણગંગા કેનાલ સબ ડિવિઝન-૩, આહવા દ્વારા રાજ્ય સરકારની મંજૂરી સાથે સૂચિત સ્થળ/નદીના કોતરોની તાંત્રિક શક્યતાઓ ચકાસી, મોજણી, સંશોધન અને આલેખન બાદ ટેન્ડર પ્રક્રિયા અનુસાર મોટા ચેકડેમો બનાવવાની કાર્યવાહી હાથ ધરવામા આવી રહી છે.

આ કામગીરી અંતર્ગત ડાંગ જિલ્લામા અત્યાર સુધી દમણગંગા યોજના વર્તુળ-વલસાડ દ્વારા કુલ રૂ.૨૦૧૫.૨૩ લાખના ખર્ચે ૨૪ જેટલા ચેકડેમોનુ નિર્માણ કાર્ય પૂર્ણ કરવામા આવ્યુ છે. જેની જળ સંગ્રહ શક્તિ ૩૨.૨૭ મીટર ઘનફૂટ અને લાભાન્વિત વિસ્તાર ૮૭૬ હેક્ટર જેટલો થાય છે. તેજ રીતે ઉકાઈ વર્તુળ-ઉકાઈ દ્વારા જિલ્લામા રૂ.૬૨૦૭.૨૪ લાખના ખર્ચે ૧૧૦ ચેકડેમોનુ નિર્માણ કાર્ય સંપન્ન કરાયુ છે. જેની જળ સંગ્રહ શક્તિ ૧૯૨.૯૦ મીટર ઘન ફૂટ તથા લાભાન્વિત વિસ્તાર ૧૯૬૪ હેક્ટર છે. આમ, આ બન્ને વિભાગો દ્વારા કુલ રૂ.૮૨૨૨.૪૭ લાખના ખર્ચે ૧૩૪ ચેકડેમોનુ કામ પૂર્ણ કરાયુ છે.

જેનાથી ૨૨૩.૧૭ મીટર ઘનફૂટ જળ સંગ્રહ શક્તિ સાથે ૨૮૪૦ હેક્ટર વિસ્તારને લાભ મળી રહ્યો છે. ઉપરાંત ઉક્ત બન્ને વિભાગોના કુલ રૂ.૪૭૧૧ લાખની લાગતના અન્ય ૮ જેટલા ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે.

જ્યારે અને ૨૦૨૪-૨૫ ના વર્ષમા બીજા રૂ. ૧૮૮૮ લાખની કિંમતન કુલ ૧૨ નવા ચેકડેમને રાજ્ય સરકારની વહીવટી મંજૂરી મળવા પામી છે. તો સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે કુલ રૂ. ૭૭૪૨ લાખની કિમંતના અન્ય ૨૨ ચેકડેમ/વિયરનુ આયોજન પણ ઉક્ત વિભાગો દ્વારા ઘડી કાઢવામા આવ્યુ છે.

ડાંગના વહી જતા પાણીને નાના અને મધ્યમ કદના ડેમો/વિયરોના નિર્માણથી ડાંગમાં જ રોકી, ડાંગના લોકોની પાણીની જરૂરિયાત કાયમી રીતે સંતોષવાની દિશામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ડબલ એન્જીન સરકાર કાર્ય કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, વેર-૨ યોજના વિભાગ, વ્યારા હસ્તક ડાંગ જિલ્લામાં બે પેટા વિભાગીય કચેરીઓ કાર્યરત છે. (૧) જૂજ યોજના નહેર પેટા વિભાગ નં.૨, આહવા અને, (૨) દમણગંગા નહેર પેટા વિભાગ નં.૩, આહવા. સરકાર દ્વારા આ પેટા કચેરીઓના માધ્યમથી ડાંગ જિલ્લામાંથી પસાર થતી પુર્ણા, ગીરા, ખાપરી, અને અંબિકા નદી પર, તેમજ તેમની - શાખાઓ ઉપર નાના-મોટા ચેકડેમો તથા વિયર બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત જૂના હયાત નુકશાની પામેલા ચેકડેમોના રીપેરની કામગીરી પણ આ કચેરીઓ દ્વારા કરવામાં આવી રહી છે.

## ચીખલી વાંસદા માર્ગને સિમેન્ટ કોંક્રીટનો બનાવવામાં આવતા વાહનોની ભારે ભીડ

### નવસારી જિલ્લા અધિક કલેકટર દ્વારા બહાર પાડવામાં આવેલું જાહેરનામું માત્ર ચોપડા પૂરતું સીમિત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા. ૧૪ :** ચીખલી વાંસદા માર્ગને સિમેન્ટ કોંક્રીટનો બનાવવામાં આવી રહ્યો છે જેના માટે નવસારી જિલ્લા અધિક કલેકટર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું અને ભારે વાહનો તથા બીજા અન્ય વાહનોને અન્ય રસ્તા ઉપર થી ડાયવર્ટ કરવામાં આવ્યા હતા પરંતુ આ જાહેરનામાનો વાહન ચાલકો ભંગ કરતા ચીખલી વાંસદા માર્ગ ઉપર એક બાજુ સવાર સાંજ વાહનોની ભારે ભીડ જોવા મળી રહી છે.

ચીખલી વાંસદા સ્ટેટ હાઈવે ઉપર વાહનોની વધુ અવર-જવર તથા ડાંગ અને સાપુતારા થઈ નાસિક શીરડી જવાનો રસ્તો એક જ હોય ત્યારે આ રોડ ઉપર રાત હોય કે દિવસ વાહનોની ભારે ભીડ જામતી હોય છે જોકે આ રોડ ઉપર પથ્થરની ખાણો પણ આવેલ હોય જેના કારણે ભારે વાહનો પણ વધુ આવન જાવાન થતા હોય છે જેના કારણે ચોમાસા દરમિયાન રસ્તાઓ પણ વધુ ખરાબ થઈ જતા હોય છે ત્યારે સરકાર દ્વારા આ રસ્તાને સિમેન્ટ કોંક્રિટ નો બનાવવાનું નક્કી થતાં હાલમાં આ રસ્તો સિમેન્ટ કોંક્રિટ નો તૈયાર થઈ રહ્યો છે જેના માટે અધિક કલેક્ટર નવસારી દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરી ભારે અને અતિ ભારે વાહનોને તાલુકાના અન્ય રસ્તા ઉપર થી ડાયવર્ટ કરવામાં આવ્યા છે પરંતુ તે રસ્તાઓ ઉપર જવા ભારે ચકરાવો ખાવો પડતો હોય જેના કારણે વાહન ચાલકો સીધો રસ્તો જ પસંદ કરતા હોય છે ત્યારે હાલમાં ચીખલી થી વાંસદા તરફ જતા એક માર્ગીય રસ્તો જ ચાલુ રહ્યો છે જેના ઉપરથી બંને બાજુના વાહનો પસાર થતા આ રોડ ઉપર વાહનોની લાંબી કટારો જોવા મળી રહી છે અને કલાકો સુધી લાઈનમાં ઉભું રહેવું પડતું હોય છે રસ્તા ના કામ માટે લાવવામાં આવતું મટીરીયલ્સ પણ વાહનો ની ભીડમાં અટવાઈ જતું હોય છે ત્યારે નવસારી જિલ્લા અધિક કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામું માત્ર ચોપડા પૂરતું જ નિમિત બની ગયું છે.

## બીલીમોરા ગાયત્રી મંદિરે સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાતની થીમ ઉપર જનજાગૃતિ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા. ૧૪ :** બીલીમોરા ગાયત્રી મંદિર હોલમાં શનિવારે જિલ્લા ગ્રામ્ય કક્ષા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાતની થીમ ઉપર જુદી જુદી કૃતિઓ રજૂ કરાઈ હતી. જેમાં પૂર્વીબેન પટેલ તરફથી ગણેશ નૃત્ય, સુરતના કર્મ શું આર્ટસ સંસ્થા દ્વારા નુક્કડ નાટક ફોરમ પંડ્યાના લેખક નિદર્શકમાં રજૂ થયું હતું. બીજું નાટક પલક શાહ અને તેમના સાધકો દ્વારા રજુ કરવામાં આવ્યું હતું ગુજરાત રાજ્ય યોગ બોર્ડની વીએસ પટેલ કોલેજના યોગસાધકો દ્વારા ડો. આશાબેનના નેતૃત્વમાં ગરબો રજૂ કરાયો હતો. વી એસ પટેલ કોલેજની રાધાકિશનની ગોપીઓ સાથેનો રાસ દિયા પૂનમ અને આયુષી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો . કોલેજની વૈશાલી આચલ અને વૃત્તિ દ્વારા યોગ જુમવાનો પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યો હતો રોશની, વિભા, જ્યોતના, ભાવના અને હંસાબેન દ્વારા મોટી ઉંમરની મહિલાઓ દ્વારા યોગ કૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૭૫ વર્ષની મહિલા પણ મેદસ્વિતા ઘટાડવાની યોગ કર્યા હતા. છેલ્લી કૃતિ યોગ તાલી રામ આય ગાના ગીત પર જ્યોત્સના સોલંકી અને તેમના સાધકો દ્વારા રજૂ કરવામાં આવી હતી આ પ્રસંગમાં મુખ્ય મહેમાન તરીકે બીલીમોરા નગરપાલિકા ના પ્રમુખ મનીષ પટેલ, પ્રીતિબેન પાંડે ગુજરાત રાજ્ય યુવક બોર્ડના ઝોન કોર્ડીનેટર ,શિવાંગીની પટેલ, ઉમેશ મહેતા, રમેશભાઈ, પ્રભાબેન બીલીમોરા વિભાગ કેળવણી મંડળના શિલ્પાબેન અમીન અને અંજુબેન હાજર રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું આયોજન દ્વારા તથા સંચાલન મનિષાબેન દેવતા અને તેમના યોગ સાધકો એ કર્યું હતું.

## ગણદેવી રોટરી કલબનો મંથન માર્ગદર્શક સેમીનાર યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા. ૧૪ :** ગણદેવી રોટરી ક્લબ દ્વારા શનિવાર ના રોજ સવારે ૯.૩૦ કલાકે મંથન ના શીર્ષક હેઠળ અનાવિલ વાડીમાં માર્ગદર્શક સેમિનાર યોજાયો હતો. જેમાં વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓમાં મોટી સંખ્યા માં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા, મુખ્ય વક્તા તરીકે સુરતના ધીરેનભાઈ થરનારી એ(કન્સલ્ટન્ટ એનજીઓ, ટ્રસ્ટ, સોસાયટી, કંપની) કાયદાકીય અને સામાજિક તથા રાષ્ટ્રીય જવાબદારીઓ વિશે વિગતવાર જાણકારી આપી હતી, એમની સાથે સુરત દયાળજી કેળવણી મંડળના પ્રમુખ કેતનભાઈ દેસાઈ પણ હાજર હતા અને રોટરીના કાર્યની પ્રશંસા કરી હતી, શરૂઆતમાં ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ સતીષમામા એ દીપ પ્રાગટ્ય સાથે ક્રાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો ત્યારબાદ રોટરી પ્રમુખ પરીમલ આઈ નાયકે સૌ ને આવકારી રૂપરેખા આપી હતી. ધીરેનભાઈ થરનારી ના માર્ગદર્શન બાદ સભામાં પ્રશ્રો ના જવાબ આપવામાં આવ્યા હતા, સેક્રેટરી ફાલ્ગુની નાયક, પ્રેસિડન્ટ ઈલેકટ શૈલેષ વશી, સેક્રેટરી ઈલેકટ પારૂલ નાયકે મહેમાનોનું પુષ્પ થી સ્વાગત કર્યું હતું, આભારવિધિ ઈવેન્ટચેર અમીત નાયકે કરી હતી. સંચાલન અશ્વિનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, પ્રજ્ઞેશ નાયક-મોહનપુર અશ્વિનભાઈને મદદરૂપ બન્યા હતા.

## સરીબુંજરંગની પીવી લાખાણી શાળાના ધો.૧૦ નું ૧૦૦ ટકા પરીણામ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા. ૧૪ :** બીલીમોરા-અમલસાડ માર્ગ ઉપર સરીબુંજરંગ ગામે લુસવાડા ફળીયા સ્થિત પીવી લાખાણી અંગ્રેજી માધ્યમ સ્કુલ નાં ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ CBSE બોર્ડ ધો. ૧૦ ની પરીક્ષા નું ૧૦૦ ટકા પરીણામ -ા્પ્ત થયું છે. જેમાં વિદ્યાર્થી ફેનીલ મિસ્ત્રી ૯૧.૧૭ ટકા મેળવી શાળામાં પ્રથમ ક્રમ, પ્રિયા બિંદ ૮૮.૮૩ ટકા દ્વિતિય ક્રમ અને સાક્ષી કુમારી ૮૭.૬૭ ટકા તૃતિય ક્રમ -ા્પ્ત કર્યો છે. તમામ વિદ્યાર્થીઓને તથા સમગ્ર સ્ટાફ ને શાળાના ટ્રસ્ટી, ડાયરેક્ટર, આચાર્યા તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## ડાંગમાં વારલી ચિત્રકલા વર્કશોપ યોજાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા. ૧૪ :** ડાંગ જિલ્લાનાં મુખ્યમથક આહવા ખાતે ગૌરવી દુશાણે અને મિશન મંગલમ (NRLM)ના સંયુક્ત ઉપક્રમે એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. ગ્રામ વિકાસ એજન્સીનાં સભાખંડમાં સ્વસહાય જૂથની મહિલાઓ માટે વારલી પેન્ટિંગની એક વિસ્તૃત વર્કશોપ યોજાઈ હતી. આ કાર્ય શિબિરમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શિવાજી તબિયાડ અને ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી આર.બી.ચૌધરીએ અધ્યક્ષ સ્થાન શોભાવ્યુ હતુ.મુંબઈ સ્થિત ગૌરવી દુશાણે, જેઓ આહવાના પુત્રવધૂ છે અને છેલ્લા ૧૫ વર્ષથી વારલી ચિત્રકલા ક્ષેત્રે સંશોધન અને પેઈન્ટિંગ કરી રહ્યા છે, તેમણે આદિવાસી વિસ્તારની મહિલાઓને વિનામૂલ્યે પોતાના બહોળા અનુભવનો લાભ આપવાનો ઉમદા હેતુ રાખ્યો છે. તેમનું માનવુ છે કે આ કલાનું અસ્તિત્વ ટકી રહે અને સ્થાનિક મહિલાઓને રોજગારીની નવી તકો મળે તે માટે પ્રયત્નો કરવા જરૂરી છે.આ જ સામાજિક કાર્યના ભાગરૂપે આજના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ કાર્યશાળામાં ગૌરવી દુશાણે દ્વારા ઉપસ્થિત મહિલાઓને વારલી પેન્ટિંગ માટેની કીટ આપવામાં આવી હતી. સ્વસહાય જૂથની મોટી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક આ તાલીમમાં ભાગ લીધો અને વારલી પેઈન્ટિંગની વિવિધ ટેકનિકો શીખી હતી.ગૌરવી દુશાણેએ સ્થાનિક બહેનોને વારલી પેઈન્ટિંગ વિશે વિસ્તૃત સમજણ આપી અને તાલીમ દ્વારા તેમને આ કળામાં નિપુણ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક લોકોને તેમની કલા અને વારસાને જાળવી રાખવામાં મદદરૂપ થવાનો છે, સાથે જ તેમને રોજગારીની તકો પણ ઉપલબ્ધ કરાવવાનો છે.એન.આર.એલ.એમ. અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી આયોજિત આ વિનામૂલ્યે વર્કશોપ સ્વસહાય જૂથની બહેનો માટે એક અમૂલ્ય તક સાબિત થઈ છે.આ કાર્યક્રમે ડાંગની સ્થાનિક બહેનોને તેમની કળાને વધુ સમૃદ્ધ કરવાની અને આત્મનિર્ભર બનવાની દિશામાં એક સકારાત્મક પગલું ભરવામાં મદદ કરી છે.ગૌરવી દુશાણેના આ પ્રયાસને ઉપસ્થિત સૌએ બિરદાવ્યો હતો અને આ પ્રકારની પ્રવૃત્તિઓ ભવિષ્યમાં પણ ચાલુ રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

## નવસારી જિલ્લામાં સિવિલ ડિફેન્સ સ્વયંસેવકની નોંધણી માટે કેમ્પ યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નવસારી, તા. ૧૪ :** હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ નવસારી જિલ્લાની તમામ મામલતદાર કચેરીઓ ખાતે સ્વયંસેવકની નોંધણી કરાશે જે લોકો રાષ્ટ્ર સેવા કરવા માટે સિવિલ ડિફેન્સમાં જોડાવા માગતા હોય તેઓ રજીસ્ટ્રેશન માટે પાસપોર્ટ સાઈઝનો એક ફોટો, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, શાળા છોડયાનું પ્રમાણપત્ર, લાઈટ બિલ/મિલકત વેરા પૈકી કોઈ પણ બે પુરાવા સાથે લાવવાના રહેશે.

સિવિલ ડિફેન્સ સ્વયંસેવકની નોંધણી માટેની લાયકાતમાં ઓછામાં ઓછુ ધોરણ ૪ પાસ અને ૧૮ વર્ષ કે તેથી ઉપરના નિરોગી, તંદુરસ્ત વ્યક્તિઓ અને ભારતીય નાગરિકતા ધરાવતા હોવા જોઈએ. આ સ્વયંસેવકો તરીકે માજી સૈનિકો, પોલીસમિત્ર, એનએસએસ, એનસીસી વોલન્ટિયર, સ્થાનિક તરવૈયાઓ, આપદા મિત્રો, ખાનગી સુરક્ષા એજન્સીના કર્મચારીઓ, એનજીઓ વગેરેને પ્રાધાન્ય આપવામાં આવશે.

સીવીલ ડીફેન્સ વોલીન્ટીયર ભરતી કેમ્પ માટે આગામી તા.૧૯/૦૫/૨૦૨૫ બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ કલાક સુધી તાલુકાવાર સ્થળ નક્કી કરવામાં આવ્યા છે. જે અનુસાર નવસારી(શહેર) માટે લુન્સીકુઇ મહાનગરપાલિકા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, નવસારી ખાતે, નવસારી(ગ્રામ્ય) માટે સીસોદ્રા કુમારશાળા, પંચાયતની બાજુમાં, નવસારી ખાતે, જલાલપોર તાલુકા માટે કોળી સમાજની વાડી, ઉભરાટ રોડ, મહુવર, મરોલીબજાર, તા.જલાલપોર, ગણદેવી તાલુકા મામલતદાર કચેરી, ગણદેવી, ચીખલી તાલુકા માટે ડી.એ.ઈટાલીયા સ્કુલ, ચીખલી, વાંસદા તાલુકા માટે આઈ.ટી.આઈ.મનપુર તા.વાંસદા અને ખેરગામ તાલુકા માટે આઈ.ટી.આઈ.ખેરગામ ખાતે સીવીલ ડીફેન્સ વોલીન્ટીયર ભરતી કેમ્પ યોજાશે. જેમા ભાગ લઈ રાષ્ટ્ર સેવા માટે નોંધણી કરાવવા નિવાસી અધિક કલેક્ટર, નવસારીની અખબારી યાદીમાં અનુરોધ કરાયો છે.

## નવસારી માહિતી કચેરીમાં કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક રૂ.૨૦ ની કિંમતે મળશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નવસારી, તા. ૧૪ :** વિદ્યાર્થીઓને કારકિર્દી અંગેની જાણકારી અને માર્ગદર્શન મળી રહે તે આશયથી પ્રતિવર્ષ પરંપરાની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

આ અંકમાં પ્રેરણાદાયી લેખો, ધો-૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ અભ્યાસક્રમો, કોલેજો, યુનિવર્સિટીઓ, કારકિર્દીના વિવિધ વિકલ્પો, રોજગારી-સ્વરોજગારીની તકો, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના વિવિધ અભ્યાસક્રમો, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા અને ન્યૂ મીડિયા ક્ષેત્રમાં તકો, અગત્યની વેબસાઈટ્સ સહિતનું માર્ગદર્શન સમાવિષ્ટ છે. આ કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક મેળવવા માટે નવસારી જિલ્લા માહિતી કચેરી, એ-૧૦૮, આકાશગંગા કોમ્પ્લેક્ષ, કબીલપોર, ગ્રીડ રોડ, નવસારી ખાતેથી રૂા.૨૦/-ની કિંમતે વહેલા તે પહેલાના ધોરણે મળી શકશે.

## દમણ રેડિયો

**102.3 FM**

**ગુરુવાર**

**સવારની સભા** : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર(દિલ્હીથી) ૦૬.૦૫ -અર્ચના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ - ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ ચરીત માનસ ગાળ. ૭.૩૦ - સુગમ સંગીત (દમણથી), ૭.૪૫- ગુજરાતી સમાચાર, ૦૭,૫૫- કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી ) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦- શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦-અમદાવાદના કાર્યક્રમ ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૦.૩૦ - થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર,૦૨.૪૦ - સુગમ સંગીત..૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત **સાંજે** : (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG)૦૬.૦૦ - વિવધ ભારતી-૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર. ૭.૨૦ (દમણથી) કીસાનવાણી કાર્યક્રમ. ૭.૫૦ ગુજરાતી સમાચાર રાત્રે ૦૮:૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદના કાર્યક્રમ ૧૧.૦૦ - હિન્દી અને અંગ્રેજી સમાચાર - દિલ્હીથી, ૧૧.૧૦ - સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૧૫-૦૫-૨૦૨૫, **વાર:** ગુરૂવાર **તિથિ:** ત્રીજ **વિક્રમ સંવત:** ૨૦૮૧
**સૂર્ય ઉદય:** ૦૫:૫૯ **સૂર્ય અસ્ત :** ૧૯:૧૨ **ચંદ્રરાશિ:** ધન

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજના દિવસે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે.*

**કર્ક(ડ.હ) :** *આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો.*

**સિંહ(મ.ટ.) :** *આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે.*

**તુલા (ર.ત.) :** *આજે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું?*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ.*

**મકર(જ.ખ) :** *આજના દિવસે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. કરાવી શકે છે.*

## સેંગવીની સર્વોદય હાઈસ્કૂલનું ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૭૮.૯૪ ટકા પરિણામ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૪ :** સેગવી વિભાગ કેળવણી મંડળ સંચાલિત સર્વોદય હાઈસ્કૂલ,સેગવીના ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહનું શૈક્ષણિક વર્ષે ૨૦૨૪-૨૫ નું પરિણામ ૭૮.૯૪ ટકા આવ્યુંહતું. શાળામાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓ (૧) આહીર હેની એચ. (૨) પટેલ ફ્રેની એમ. (૩) પટેલ આયુષ એસ. અને તેમના માતૃ ઓનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું. શાળાના સ્થાપક અરવિંદભાઈ એસ. પટેલ (સેગવી, હાલ અમેરિકા) તરફથી ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ઉતીર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓને ૧૦૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર શુભેચ્છા સ્વરૂપે એનાયત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓને પરિણામ વિતરણ ની સાથે ઉચ્ચ અભ્યાસ માટે GCAS પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયા અંગે માર્ગદર્શન એન. કે. દેસાઇ કોલેજ, પારડીના પ્રાધ્યાપક નિરવભાઈ સુરતી દ્વારા આપવામાં આવ્યું. તેમજ અનઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મંડળના કાર્યકારી પ્રમુખ કમલેશભાઈ લાડ, ખજાનચી ગિરધરભાઈ પટેલ, કારોબારી સભ્ય સયંમભાઈ પટેલ તેમજ શાળાના આચાર્યા ઉન્નતિ દેસાઇ અને વિજ્ઞાનપ્રવાહના તમામ શિક્ષકો હાજર રહ્યા હતા. મંડળના કાર્યકારી પ્રમુખ કમલેશભાઈ અને શાળાના આચાર્યા ઉન્નતિ દેસાઈએ તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓ માટે સુરુચિ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

## વલસાડમાં બાગાયતની યોજનાઓનો લાભ લેવા આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે બાગાયત ખાતાની ચાલુ યોજનાઓ હેઠળ જિલ્લાના બાગાયતી ખેતી કરતા તેમજ બાગાયતી ખેતી કરવા માંગતા ખેડૂતો નવીન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ માં અરજી કરી મહત્તમ લાભ લઈ શકે તે માટે બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓ નો લાભ લેવા માટે નવીન આઈ -ખેડૂત પોર્ટલ ૨.૦ તારીખ ૨૪/૦૪/૨૦૨૫ ના રોજ ઓનલાઇન ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૫-૨૬ માં બાગાયત ખાતાના ૮૮ જેટલા ઘટકો માટે નવીન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ તા. ૩૧/૦૫/૨૦૨૫ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું છે. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ થી નવીન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ (https://ikhedut.gujarat.gov.in) પર નોંધણી કર્યા બાદ જ ખેડૂતો અરજી કરી શકશે. તેમજ અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રિન્ટ લઈ ખેડૂતો પોતાની પાસે જ રાખવાની રહેશે. જેની નકલ મંજૂરી મળ્યા બાદ ક્લેઇમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સહિત જિલ્લાની બાગાયત કચેરી ખાતે જમા કરાવવાના થશે એમ નાયબ બાગાયત નિયામક, વલસાડ દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું.

## આહવા પોલીસે બિહારથી ગુમ થયેલ વ્યક્તિનું પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા. ૧૪ :** ડાંગ જિલ્લાનાં આહવા પોલીસ મથકનાં પી.આઈ.એમ.જી.ઢોડીયાનાં માર્ગદર્શન હેઠળ આહવા પોલીસ સ્ટેશનની પી.સી.આર.વાનનાં કર્મીઓએ ફરજ દરમિયાન એક માનવીય અભિગમ દાખવીને બિહારથી ગુમ થયેલ એક વ્યક્તિને તેના પરિવાર સાથે પુનઃમિલન કરાવવાની દિશામાં સરાહનીય કામગીરી કરી છે.ગત તા. ૧૨/૦૫/૨૦૨૫નાં રોજ રાત્રે આશરે ૯ઃ૦૦ વાગ્યે આહવા પોલીસ સ્ટેશનની પી.સી.આર.વાન પેટ્રોલીંગમાં હતી.તે દરમિયાન ૧૦૦ નંબરની વર્ધી મળતા પી.સી.આર.નાં પો.કો. વલ્લભભાઈ જેરામભાઈ બંનં.૨૧૪ તાત્કાલિક કોટબા ગામે પહોંચ્યા હતા.ગામમાં પહોંચીને પી.સી.આર. ટીમે ગામના આગેવાનો સાથે વાતચીત કરી હતી. આગેવાનોએ જણાવ્યું હતું કે એક અજાણ્યો ઈસમ છેલ્લા બે થી ત્રણ દિવસથી ગામમાં ફરી રહ્યો છે. તે ક્યાંથી આવ્યો છે તેની કોઈ માહિતી તેમને નથી.આથી પી.સી.આર.વાનનાં ઈન્ચાર્જે માનવીય અભિગમ દાખવીને અજાણ્યા ઈસમને સરકારી ગાડીમાં બેસાડી આહવા પોલીસ સ્ટેશન ખાતે લાવ્યા હતા.પોલીસ સ્ટેશન ખાતે લાવ્યા બાદ અજાણ્યા ઈસમની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેમણે પોતાનું નામ અજીતભાઇ દયારામભાઇ યાદવ (રહે. શેરગડ, તા.જી. ખગડીયા, પોલીસ સ્ટેશન ગોગડી જમાલપુર, બિહાર) હોવાનું જણાવ્યું હતુ.વધુ તપાસ માટે પોલીસે તેમના વતનમાં તેમના ભાઈ સુજિતભાઇ દયારામભાઇ યાદવનો ટેલિફોનિક સંપર્ક કર્યો હતો.સુજિતભાઈએ ફોન પર જણાવ્યું હતું કે તેમના ભાઈ અજીતભાઇ છેલ્લા આઠ મહિનાથી ગુમ છે અને આ અંગે ગોગડી જમાલપુર પોલીસ સ્ટેશન, બિહાર ખાતે ગુમ થવાની નોંધ પણ કરાવવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે અજીતભાઈને લેવા માટે તેમને બે થી ત્રણ દિવસનો સમય લાગશે.પોલીસે અજીતભાઈના પરિવારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમના ભાઈ તેમને લેવા માટે ન આવે ત્યાં સુધી તેમને માનવ સેવા ટ્રસ્ટ આશ્રમમાં રહેવાની વ્યવસ્થા કરી છે.હાલમાં આહવા પોલીસ મથકનાં પી.આઈ. એમ.જી.ઢોડીયાનાં સંવેદનશીલ કાર્યવાહીથી ગુમ થયેલ વ્યક્તિને આશ્રય મળ્યો છે અને તેના પરિવાર સાથે પુનઃમિલનની આશા જાગી છે. આહવા પોલીસની આ કામગીરીને લોકોએ બિરદાવી હતી.

## ડાંગમાં સતત કમોસમી વરસાદનો કહેર, ખેડૂતોને મોટુ નુકસાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
સાપુતારા, તા. ૧૪ : ડાંગ જિલ્લામાં સતત નવમા દિવસે પણ ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો.ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાતા ગામડાઓમાં ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો.જો કે, આ કમોસમી વરસાદ ખેડૂતો માટે આફતરૂપ સાબિત થયો છે અને તેમના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ડાંગ જિલ્લામાં સતત નવ દિવસથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે.ડાંગ જિલ્લામાં છેલ્લા નવ દિવસથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે.આજરોજ સાંજનાં અરસામાં ગિરિમથક સાપુતારા સહીત તળેટી વિસ્તારનાં ગામડાઓમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ તૂટી પડતા જાહેર માર્ગો પર પાણીની રેલમછેલ ફરી વળી હતી.ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદનાં કારણે ખેતરોમાં ઉભો પાક પાણીમાં ગરકાવ થઈ ગયો છે,જેના લીધે ખેડૂતોને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. કેરી, શાકભાજી અને અન્ય પાકોને ભારે નુકસાન થવાથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે.જો કે, આ કમોસમી વરસાદના કારણે ડાંગ જિલ્લાના પ્રવાસન સ્થળોની સુંદરતામાં અનેકગણો વધારો થયો છે.ડાંગ જિલ્લામાં ચોમાસા જેવું વાતાવરણ બનતા કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે.ગિરિમથક સાપુતારા ખાતે પણ નયનરમ્ય દ્રશ્યો સર્જાયા છે. ચારેબાજુ લીલોતરી અને વાદળોની રમઝટ -વાસીઓને આકર્ષી રહી છે.નાનકડા ઝરણાઓમાં નવા નીર આવવાથી પ્રકૃતિપ્રેમીઓ માટે આહલાદક વાતાવરણ સર્જાયું છે.એક તરફ કમોસમી વરસાદથી ખેડૂતોને ભારે નુકસાન થયું છે,તો બીજી તરફ પ્રકૃતિની સુંદરતામાં વધારો થવાથી પ્રવાસન ઉદ્યોગને ફાયદો થવાની આશા સેવાઈ રહી છે.હાલમાં ખેડૂતો સરકાર પાસે તેમના પાક નુકસાનનું વળતર માંગ કરી રહ્યા છે. આમ, ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદે મિશ્ર અસર સર્જી છે.ડાંગનાં ખેડૂતો માટે આ કપરો સમય છે, પરંતુ પ્રકૃતિની સુંદરતાએ લોકોને રાહતનો શ્વાસ આપ્યો છે.હવે જોવાનું એ રહે છે કે સરકાર ખેડૂતોને ક્યારે અને કેવી રીતે મદદ કરે છે.

## ઊંટડી શાંતાબેન વિદ્યાભવન ગૌરવ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૪ :** આઈ.આઈ.ટી ગાંધીનગરમાં વિજ્ઞાન ભારતી અને વિજ્ઞાન ગુર્જરી દ્વારા નેશનલ ટેકનોલોજી ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વલસાડ તાલુકા ના ઊંટડી ગામે આવેલી શાંતાબેન વિદ્યાભવનના પ્રાથમિક વિભાગના આચાર્ય ભાવનાબેન મિસ્ત્રીએ ભાગ લઈ વૈજ્ઞાનિકો સાથે ચર્ચા- વિમર્શ કરવાનો લહાવો લીધો હતો. આ સાથે વિજ્ઞાન ગુર્જરીની સામાન્ય સભામાં ભાવનાબેનને વલસાડ જિલ્લાના કો-ઓર્ડીનેટર તરીકે નિમણૂંક આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિજ્ઞાન ગુર્જરી એ ગુજરાતમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે શોધ દર્શન, વિદ્યાર્થીઓ માટે સાયન્સ વિઝિટ વગેરે કામગીરી કરતી અને રાજ્યના વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ભારતીય વૈજ્ઞાનિકો વિશે માહિતગાર કરી, પ્રોત્સાહન આપી, વિદ્યાર્થીઓને નવીન તક પૂરી પાડતી સંસ્થા છે.

આ કાર્યક્રમમાં ઈસરોના વૈજ્ઞાનિક હિરેન ભટ્ટ સાહેબે વિજ્ઞાન અને ટેકનોલોજીની નવી તકો, ઉપયોગો અને મિસાઈલ, સેટેલાઈટ વિશેની વિસ્તારથી ચર્ચા કરી હતી. વિજ્ઞાન ભારતીના પ્રેસિડેન્ટ શેખર, વિજ્ઞાન ગુર્જરીના પ્રેસિડેન્ટ પ્રો. ચૈતન્ય જોશી, સચિવ જીગ્નેશભાઈ બોરીસાગર, સહ સચિવમનસુખભાઈ નારિયા તથા વિજ્ઞાન ગુર્જરીના હોદ્દેદારો તથા સભ્યો વગેરે હાજર રહ્યા હતા.

## વલસાડ કલેક્ટરના અધ્યક્ષસ્થાને વિવિધ આરોગ્ય વિષયક બેઠક યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને તા. ૧૬ મે, ૨૦૨૫ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યાથી સંચારી રોગચાળા અટકાયત માટે જિલ્લા રોગચાળા અટકાયત અને સંકલન સમિતિ, તમાકુ નિયંત્રણ અધિનિયમ - ૨૦૦૩ અંતર્ગત તમાકુ નિયંત્રણ કમિટી જિલ્લા સ્ટિયરીંગ કમિટી, નેશનલ પ્રોગ્રામ ઓન ક્લાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થ અને સિકલસેલ, થેલેસીમિયા કાર્યક્રમ અંતર્ગત જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાશે.

આ બેઠકમાં પાણીજન્ય રોગચાળા, વાહકજન્ય રોગચાળા, લેપ્ટોસ્પાયરોસીસ રોગચાળા અંગે ચર્ચા અને જિલ્લામાં થયેલી કામગીરીની સમીક્ષા, ધુમ્રપાન નિષેધ નિયમભંગ માટે કાર્યવાહીની અને માસિક રિપોર્ટની ચર્ચા, સિકલસેલ, થેલેસીમીયા પ્રોગ્રામ અંતર્ગત વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

## ચલાથી ૧૯ વર્ષીય મનિષા ગુમ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લાના વાપી તાલુકાના ચલા મહાલક્ષ્મી સોસાયટી, ગુડુભાઈની ચાલ, રૂમ નં.૧૯ ખાતે રહેતી ૧૯ વર્ષીય મનિષા સંજયભાઈ હરિજન તા.૦૮/૦૫/૨૦૨૫ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યા પછી પોતાના ઘરેથી કોઈને કંઇ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજદિન સુધી પરત ફર્યા નથી. તેઓ મધ્યમ બાંધો, ઘઉંવર્ણ, ૫ ફૂટ ૨ ઈંચ અને માથાના લાંબા વાળ ધરાવે છે. તેમણે કાળા કલરનું ટોપ, બ્લ્યુ કલરનું જીન્સ અને ચપ્પલ પહેરેલા હતા. તેઓ હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. તેમણે ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલો છે. જો કોઈને પણ આ યુવતીની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ સ્ટેશનનો ૮૨૦૦૫૬૧૫૧૨, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.




## કેમ્પસ એક્ટિવવેરમાં બે દાયકાની ઉજવણી શોકેસ ૨૦૨૫ નું આયોજન કર્યું

**સુરત, તા.૧૪ :** ભારતની અગ્રણી સ્પોર્ટ્સ અને અત્યાધુનિક ફૂટવેર બ્રાન્ડ્સમાંની એક, કેમ્પસ એક્ટિવવેરે તેના સૌથી શાનદાર ડિસ્ટ્રિબ્યુટર ગેધરીંગ 'શોકેસ ૨૦૨૫'નું આયોજન કર્યું. આ બે દિવસના કાર્યક્રમમાં, આખા ભારતના ૧૮૦ થી વધુ ડિસ્ટ્રિબ્યુટર ભાગીદારોને એક સાથે લાવવામાં આવ્યા હતા, જેમાં સાથે મળી આગળ વધો અને સાથે વિકાસ કરો ની થીમ હેઠળ બે દાયકાઓમાં સંયુક્ત વિકાસની, ઉદ્યોગસાહસિક ભાવના અને કાયમી સહકારની ઉજવણી કરી.

કેમ્પસ એક્ટિવવેર લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, નિખિલ અગ્રવાલે જણાવ્યું હતું કે, શોકેસ ૨૦૨૫ એ માત્ર એક સીમાચિહ્નરૂપ ઘટના નથી, પરંતુ તે અમારું ઉદ્દેશ્ય અને ભાગીદારીની પુષ્ટિ હતી. અમારા વિતરકો માત્ર બિઝનેસ ભાગીદારો કરતા વધુ છે તેઓ અમારી મુસાફરીનું સહનિર્માતા છે. ઈવેન્ટના ડિજિટલ પ્રથમ જુસ્સાને ધ્યાનમાં રાખીને એઆઇ-સંચાલિત વ્યક્તિગત આમંત્રણો વર્ષ ૨૦૨૫થી આગળ મોકલવામાં આવ્યાં હતાં, જે ધ્યાનમાં રાખીને કાળજીપૂર્વક વધુ અને વિસ્તૃત અનુભવ માટે ટોનને સેટ કરે છે. ડિસ્ટ્રિબ્યુટર્સને સમર્પિત અનુભવી પ્રોડક્ટ ક્ષેત્ર દ્વારા બ્રાન્ડના ભાવિ-વિકાસની યાત્રામાં શામેલ કરવામાં આવ્યા હતા, જે એક ઈન્ટરેક્ટિવ સ્થળ હતું, જેનાથી કેમ્પસની તાજેતરની ડિઝાઈન અને નવિનીકરણની મંજૂરી મળી હતી. એઆર અને એઆઈનો ઉપયોગ કરીને ટેક-સંચાલિત ફોટો બૂથ પણ તેમાં સામેલ છે.

ડિસ્ટ્રિબ્યુટર્સ ઈવેન્ટ ઝોનથી પ્રેરિત થીમ આધારિત બેકડ્રોપ્સ પસંદ કરી શકે છે, કેમ્પસ શૂઝ સાથે તેમની શૈલીને વ્યક્તિગત કરી શકે છે અને ચેરમેન શ્રી એચ.કે.અગ્રવાલ સાથે યાદગાર ક્ષણને કેદ કરી શકે છે.

## વલસાડમાં ખાદ્ય સામગ્રીના નમૂના લેવાયા, નાપાસ નમૂનાઓનો નાશ કરાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૪ :** ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વલસાડ સર્કલ વલસાડને તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મળેલી ફરિયાદ તથા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ, વલસાડના ડેઝિગ્નેટેડ ઓફિસર એ.આર.વળવીના માર્ગદર્શન હેઠળ હલકી ગુણવત્તાવાળી ખાધચીજોનું વેચાણ થયા અંગેની ફરિયાદ મળતા તંત્રના ફૂડ સેફટી ઓફિસરો બી.કે. પટેલ તથા આર.એમ.પટેલ સાથેની સંયુક્ત ટીમે અલ્કા ફરસાણ માર્ટ, શોપ નં ૧૬, ગાંધી માર્કેટ, મ્યુનીસીપાલિટી ઓફીસ ની સામે, વલસાડ, તા.જી.વલસાડની તપાસણી હાથ ધરી પેટીસ (લુઝ) (પ્રીપેર્ડ ફૂડ) તથા કચોરી (લુઝ) (પ્રીપેર્ડ ફૂડ) ના સેમ્પલીગની કામગીરી કરવામાં આવેલ છે તેમજ મહાલક્ષ્મી સ્વીટ એન્ડ ફરસાણ, સી-૧૦/૧૧, જ્યોતિ હોલની સામે, આંબેડકર શોપિંગ સેન્ટર, ન્યુ વેજીટેબલ માર્કેટ, વલસાડ, તા.જી.વલસાડ તથા તેઓની મેન્યુફેક્ચરીંગ પેઢી મહાલક્ષ્મી ફૂડ પ્રોડક્ટ્સ, સુરજ એસ્ટેટ, આઈસ ફેક્ટરીની સામે, એન્કર ગલી, કૈલાસ રોડ, મોગરાવાડી, વલસાડ, તા.જી.વલસાડની તપાસણી હાથ ધરી અનુક્રમે પેંડા (સ્વીટ) (લુઝ) તથા મીઠો માવો (લુઝ) ના સેમ્પલીગની કામગીરી કરવામાં આવી હતી.

આ ઉપરાંત સોશીયલ મિડીયામાં ફરતા વાયરલ મેસેજ અન્વયે પરમ હોસ્પીટાલીટી, શોપ નં ૧૧ એ, બિલ્ડીંગ નં-૧૧,સર્વે નંબર ૧૨૩૪, ને.હ.નં-૪૮, વૈષ્ણવી પેટ્રોલિયમ, રોલા ગામ,વલસાડ, તા.જી વલસાડ ખાતે આવેલ પેઢી અજફાન ઈન્ટરનેશનલ એલએલપીની તપાસણી હાથ ધરી આખા અખરોટનો આશરે ૧.૬ કિ.ગ્રા જથ્થાનો એફ.બી.ઓ. એ રૂબરૂ માં સ્વેચ્છાએ નાશ કર્યો હતો. તેમજ ડ્રાઈડ કીવી ગ્રીન (લુઝ) તથા અખરોટ (લુઝ) ના સેમ્પલીગની કામગીરી કરવામાં આવી હતી તથા કડક સુચનો આપી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હજી વધુ તપાસો કરવામાં આવનાર છે.

## વલસાડ જિલ્લા પંચાયતની ખાસ કારોબારી સભા તા. ૨૦ મેના રોજ મળશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લા પંચાયતની આગામી ખાસ કારોબારી સભા તા. ૨૦/૦૫/૨૦૨૫ના રોજ મંગળવારે સવારે ૧૧ કલાકે વલસાડ જિલ્લા પંચાયતના સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ ખાતે યોજાશે.જેમાં ગત કારોબારી સમિતિની બેઠકની કાર્યવાહી નોંધને બહાલી, તે બેઠકમાં લેવાયેલા નિર્ણયો પર ભરવામાં આવેલા પગલા અંગેના અમલીકરણના અહેવાલની નોંધ, ગુજરાત હાઈકોર્ટ, જિલ્લા અને તાલુકા કોર્ટમાં જિલ્લા પંચાયત વતી રજૂઆત કરવા માટે વકીલ પેનલની નિમણૂંક અને નક્કી થયેલી શરતોને બહાલી, સ્ટાફ ક્વાર્ટર્સમાં સાફ સફાઈ અને દેખરેખની કામગીરી માટે આઉટસોર્સથી મેનપાવરની જગ્યા ભરવા બાબત, સામાન્ય શાખા ખાતે ઈ સરકાર કામગીરી માટે આઉટસોર્સથી કોમ્પ્યુટર ઓપરેટરની જગ્યા ભરવા બાબત, સમાજ કલ્યાણ શાખા અને શિક્ષણ શાખાની જિલ્લા પંચાયત સ્વભંડોળની વિવિધ યોજનાઓ સને ૨૦૨૫-૨૬ માં અમલ બાબત, સીડ ફાર્મ અને પ્રાકૃતિક કૃષિ માટે પ્રચાર પ્રસાર બાબતે તેમજ પ્રજાલક્ષી વિકાસના કાર્યોની ચર્ચા કરવામાં આવશે.

## કેબીએસ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ.સી. કે. પટેલના માર્ગદર્શન હેઠળ પી.એચ. ડી થયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૧૪ :** કેબીએસ કોલેજ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપીમાં ના કેમ્પસ ડાયરેક્ટર તરીકે ડો. સી. કે. પટેલ કાર્યરત છે.

તેમના માર્ગદર્શન હેઠળ નીચેના વિદ્યાર્થીઓએ કરેલા શંશોધનને માન્ય રાખી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી,ભાવનગરે તા.૦૫/૦૫/૨૦૨૫ના રોજ પી.એચ.ડી પદવી એનાયત કરી

મિસ, હીરલ હિરેન્દ્રભાઈ ત્રિવેદીએ કોમર્સમાં "Impact of Financial Inclusion Schemes on Beneficiaries in the Rural Area of Mahisagar District of Gujarat "સંશોધન કાર્ય કર્યું હતું.

મિસ, જલપા એન. અનધણે કોમર્સમાં "An Evaluation of Financial Performance of Selected Fiber and Plastic Industrial Units in India" શંશોધન કાર્ય કર્યુ હતુ.

ડો. સી. કે. પટેલે કેબીએસ કોલેજ પરિવારનું ગૌરવ વધાર્યું છે.જેથી તેમને સર્વે સ્ટાફ પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

## વલસાડમાં CUET(UG) - ૨૦૨૫ની પરીક્ષાને પગલે સભા સરઘસબંધી અને ઝેરોક્ષ મશીનો બંધ રાખવા જાહેરનામું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લામાં આગામી મે-૨૦૨૫ તથા જૂન-૨૦૨૫ માસમાં નેશનલ ટેસ્ટીંગ એજન્સી નવી દિલ્લી દ્વારા આયોજિત CUET(UG) - ૨૦૨૫ની પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડક્ટરઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડની હકુમત હેઠળના નીચે જણાવેલા તમામ પરીક્ષા કેન્દ્રની હદ થી ૨૦૦ મીટર ત્રિજ્યામાં સાયબર કેફે, ઝેરોક્ષના મશીનો, પ્રીન્ટીંગ માટેની દુકાનો બંધ રાખવા અને બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવા ઈનચાર્જ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.કે.કલસરીયાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની ક્લમ- ૧૬૩ મુજબ મળેલી સત્તાની રૂએ જાહેરનામુ બહાર પાડ્યું છે.

આ જાહેરનામામાં જણાવ્યા મુજબ (૧) વલસાડ જિલ્લામાં આ પરીક્ષા દરમ્યાન તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૩૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાના દિવસ દરમિયાન સવારે ૮-૦૦ થી સાંજે ૧૯-૦૦ કલાક દરમિયાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી. તેમજ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં (૨) પરીક્ષાર્થીઓને ગેરરીતિમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનઅધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહીં તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી.

પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ ચીજવસ્તુઓનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી (૩) પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઇ પણ પ્રકારના ઈલેક્ટ્રીક ઉપકરણો લઇ જવા નહી. (૪) પરીક્ષા કેન્દ્રોની ૩૦૦ મીટર ત્રિજ્યામાં સવારે ૦૮/૦૦ થી સાંજે ૧૯/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમિયાન સાયબર કાફે, ઝેરોક્ષ મશીનો અને પ્રિન્ટીંગ માટેની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

## વાપીના જે ટાઈપ રોડ પાસેથી આશરે ૧૬ વર્ષીય સગીરા ગુમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વલસાડ, તા. ૧૪ : વલસાડ જિલ્લાના વાપી તાલુકાના જે ટાઈપ રોડ, ટાંકી ફળિયું, મોતીલાલની ચાલી, રૂમ નં.૫ ખાતે રહેતી ૧૬ વર્ષ ૦૩ મહિલા અને ૦૭ દિવસ ઉંમર ધરાવતી રીના સાધુશરણ યાદવનું (મૂળ રહે.બકઠાન, પોસ્ટ-ચનહદ, થાનાપ્રસંત કબીર નગર, જિલ્લા-ખલીલાબાદ, બિહાર) તા.૦૮/૦૫/૨૦૨૫ના રોજ સાંજે ૭-૩૦ વાગ્યા પછી જે ટાઈપ રોડ, દુર્ગામાતા મંદિર પાસે, ટાંકી ફળિયા, અશોકભાઈની ચાલ, રૂમ નં.૦૬ ખાતેથી તેમનું કોઈ અજાણ્યા ઈસમે વાલીપણામાંથી કોઈ અપહરણ કર્યું છે અથવા તો તેઓ કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજદિન સુધી પરત ફર્યા નથી. તેઓ પાતળો બાંધો અને ઘઉંવર્ણ, ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે.

તેઓ હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. જો કોઈને પણ આ સગીરાની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ સ્ટેશનનો ૮૨૦૦૫૬૧૫૧૨, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.


દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો : www.damangangatimes.com

# ચર્ચાનો ચોતરો


**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -સંપાદક **ચર્ચાનો ચોતરો વિભાગ:** દમણગંગા ટાઈમ્સ, ને.હા.નં. ૪૮, પો.બો.નં.૩૨, વાપી


## ઘાવોથી નહિ, પ્રહારો થી બોલ્યું છે ભારત!



જાગ્યું છે ભારત હવે દુશ્મનો માટે રાહ નહીં, વિનાશનો માર્ગ છે!

વિભાજન બાદથી પાકિસ્તાનનું વલણ ભારત માટે ક્યારેય મિત્રતાપૂર્ણ રહ્યું નથી. ૧૯૪૭, ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધોથી લઈને ૧૯૯૯ની કારગિલ લડાઈ સુધી અને અનેક વાર થયેલા આતંકી હુમલાઓએ એ સાબિત કરી દીધું છે કે પાકિસ્તાનના મનમાં ભારત માટે માત્ર દુશ્મનાવટ છે.

ભારતમાં દરેક વડાપ્રધાને પાકિસ્તાન સાથે શાંતિના દરવાજા ખોલવાનો પ્રયાસ કર્યો છે કોઈ વાર લાહોરમાં બસ યાત્રા, કોઈ વાર અગ્રા શિખર બેઠક, તો અનેકવાર સંયમ રાખીને ઘા સહન કર્યા. પરંતુ બદલામાં મળ્યું શું? બસ આતંક, પીઠમાં છરો અને નિર્દોષોની હત્યા. હવે પુરતું થયું છે ભારત હવે માત્ર શાંતિ નહિ, ન્યાય પણ ઈચ્છે છે.

પહેલગામ માં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓએ જે રીતે હુમલો કર્યો, તે માનવતાના મૂલ્યો સામે ખુલ્લું યુદ્ધ છે. માં-બહેનોના સિંદૂર ભુંસાઈ ગયા, માતાઓના લાલ છીનવાઈ ગયા, બાળકોના જીવન અંધકારમય બની ગયા. આ માત્ર હુમલો ન હતો આ ભારતની સહનશીલતાની અગ્નિ પરીક્ષા હતી.ઉરી હુમલા બાદ ભારતે સર્જિકલ સ્ટ્રાઈક કર્યું. પૂલવામા પછી એવિએશન સ્ટ્રાઈકથી પાકિસ્તાનના આતંકી કેમ્પો નષ્ટ કર્યા. હવે પહેલગામના શહીદ નાગરિકોના ન્યાય માટે આખો દેશ એકસ્વર થઈ ગયો છે. ૧૨ મે ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને સંબોધન કર્યું અને પાકિસ્તાન અંગે ભારતની નવી દ્રઢતા વિષે વિશ્વને સ્પષ્ટ સંદેશ આપ્યો. તેમણે જાહેરાત કરી

ભારત હવે શબ્દોથી નહિ, કાર્યોથી જવાબ આપશે. પહેલા અમે આતંક સહન કર્યો, હવે અમે તેને જડમૂળથી નષ્ટ કરીશું. પાકિસ્તાન અધિકૃત કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો છે અને હવે તેને પાછું લાવવાનો સમય આવી ગયો છે. ન્યુક્લિયર ધમકી હવે ચાલશે નહીં ટેરોર અને વાત એકનાથે નહીં, ટેરોર અને ટ્રેડ એક સાથે નહીં, પાણી અને લોહી એક સાથે નહીં અને સ્પષ્ટ શબ્દમાં કહ્યું કે પાકિસ્તાન સાથે વાત થશે તો આંતકવાદ પર અમે પી.ઓ.કે. ઉપરજ થશે.

આ ભાષણ માત્ર ચૂંટણી કે રાજકીય ઉગ્રતા નથી આ ભારતના સ્વભિમાન અને ન્યાય માટેના લલકાર વિશ્વ ને છે.

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર હંમેશાં ભારતનો ભાગ રહ્યો છે. આ ભારતના સંવિધાન અને સંસદે અનેકવાર જાહેર કર્યું છે. હવે ભારતની જનતા ઉદારતી રીતે માંગ કરી રહી છેપીઓકે પાછું લાવો! આ માત્ર ભાવના નથી, આ ઐતિહાસિક ન્યાય છે.

બલૂચિસ્તાનના લોકો પણ ભારત તરફ આશા ભરેલી નજરે જુએ છે. જેમ ૧૯૭૧માં બાંગ્લાદેશે ભારતના સહયોગથી મુક્તિ પામેલી, તેમ બલૂચો પણ ન્યાય માટે ભારત તરફ જુએ છે. આ અવાજને આંતરરાષ્ટ્રીય મંચ પર ઉંચો કરવો એ ભારતની નૈતિક ફરજ છે.

આજનું ભારત ફક્ત IT અને સ્ટાર્ટ-અપ પાવરહાઉસ નથી. UNO, G20 અને BRICS જેવા મંચો પર ભારત હવે નિર્ણયકારક ભૂમિકા ભજવે છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં 'મેક ઈન ઈન્ડિયા', 'ડિજિટલ ઈન્ડિયા', અને 'વસુધૈવ કટુંબકમ'ની વિચારધારા ભારતને વિશ્વગુરુ બનાવે છે.

ભવિષ્ય હવે રાહ જોઇ રહ્યું નથી ભારત હવે પ્રતિક્રિયા આપતું દેશ નથી, પહેલ કરતું વિશ્વ નેતૃત્વ ધરાવતું દેશ છે.

આજે આખો દેશ એક અવાજે બોલે છેઁ પીઓકે પાછું લાવો, બલૂચિસ્તાનને સમર્થન આપો અને પાકિસ્તાનને અંતિમ સંદેશ આપો હવે નહિ!વડાપ્રધાન મોદીની દ્દઢ નેતૃત્વશક્તિ અને ભારતના ૧૪૦ કરોડ લોકોને અડગ આત્મવિશ્વાસ સાથે ભારત હવે ઈતિહાસ લખવા નહીં, ઈતિહાસ ઘડવા નીકળ્યું છે.

**- હાર્દિક જોશી**

## ડિજિટલ યુગના નવા વ્યસનો



૧૯ મી અને ૨૦ મી સદીમાં પાન , માવા, સિગારેટ અને આલ્કોહોલના વ્યસનોની વાત થતી હતી. ૨૧ મી સદીના ટેકનોલોજીના આ યુગમાં જુના વ્યસનોની સાથે સાથે હવે ડિજિટલ યુગના નવા નવા વ્યસનો ઉમેરાતા જાય છે. વોટ્સએપ, ટ્વીટર, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ઓનલાઈન ગેમ, સાયબર સેક્સ, ઓનલાઈન શોપિંગ, ઈન્ટરનેટ ગેમ્બલિંગ વગેરે ડિજિટલ યુગના નવા વ્યસનો છે. યુવા પેઢી અને સમગ્ર માનવ જાતને આ વ્યસનોએ જાણે ભરડો લીધો છે. સોશિયલ મીડિયાની ખરાબ અસરો સમાજમાં દેખાવા માંડી છે. અતિશય સ્ક્રીન ટાઈમને પરિણામે ચિંતા , ડિપ્રેશન તણાવના કેસીસ વધતા જાય છે. સ્માર્ટફોન, ટેબલેટ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો વિનાનું જીવન આપણે કલ્પી શકતા નથી એવી પરિસ્થિતિનું સર્જન થતું જાય છે. ડિજિટલ યુગના વ્યસનોની સ્વાસ્થ્ય પર નકારાત્મક અસરો પડે છે. સ્ક્રીન પર બાળકો અને યુવા પેઢી વધુ સમય પસાર કરે છે પરિણામે બાળકો અને યુવાનોમાં ચીડીયાપણું અને ચિંતાની સમસ્યાઓ થાય છે. આ વ્યસનોને પરિણામે ઊંઘ પર પણ ખરાબ અસર પડે છે. એકાગ્રતા ઘટી જાય છે. બાળકો ઓબેસિટીના પણ શિકાર બને છે. સોશિયલ મીડિયાનું વ્યસન એવું છે કે એક વખત એની લત લાગી જાય છે ત્યાર પછી એમાંથી છુટકારો મેળવવા ખૂબ જ મુશ્કેલ છે. આજે માતા-પિતા પોતાના સંતાનોને ડિજિટલ વ્યસનોથી બચાવવા ભરપૂર પ્રયત્નો કરી રહ્યા છે પરંતુ એમાં સફળતા મળતી નથી. આપણા દેશની યુવા પેઢી ડિજિટલ વ્યસનને પરિણામે કમજોર નહીં બની જાય તથા શારીરિક અને માનસિક રીતે બીમાર ન પડે તે માટે ખતરાની ઘંટડી વાગી ચૂકી છે. આ અંગે સત્વરે સાવચેત થઈ જવાની જરૂર છે.

**- ડો. જે.એમ. નાયક, નવસારી**

## હું પણ એક સૈનિક છું–કલમનો, શબ્દોનો અને સત્યનો!



ચાલી રહ્યું છે યુદ્ધ સરહદ પર જ્યાં આપણા વીરો જીવની પરવા કર્યા વગર દેશ માટે લડી રહ્યાં છે. સીમાના શૂરવીરો સામે જો જાણિતા દુશ્મન હોય, તો દેશના ઘરમાં બેઠેલા ગદરોને ઓળખવું વધુ અગત્યનું છે! પરંતુ બીજું યુદ્ધ એવું છે જે જોઈ તો ન શકીએ પણ સતત ચાલે છે. માતાઓના કાળજામાં. દરેક દેશભક્ત માતાનું હૃદય ધબકે છે. જ્યારે તેનો દીકરો દેશ માટે બલીદાન આપે છે. એક વીરગતિ એ જનારની માતા આંસુ પાડીને તેના બલિદાન ને વ્યર્થ નથી કરતી પણ એની અંતરના મનમાં દીકરા દીકરીના જતા રહ્યાં નો આઘાત કોઈ સમજી ન શકે. દરેક મા પોતાનો દીકરો દેશ માટે ગુમાવવાનું દુઃખ પણ શાનથી સહન કરે છે, કારણ કે એજ દીકરો છે જે પોતાના લોહીથી તિરંગાને વંદન કરે છે. એ તો એક વીરની માતા જ સહી શકે.આ યોદ્ધાઓ ને સલામ છે, એ વીર સપૂત જેમણે મિશન સિંદૂરથી પાકિસ્તાનની ધજ્જીયાં ઉડાડી દીધી, વિશ્વને બતાવી દીધું કે ભારત આજે પણ શૂરવીરોની ધરા છે.ભારતની ત્રણે સેના એટલી સક્ષમ છે કે પાકિસ્તાન તેના ઘૂંટણિયે આવી ગયું.અને હજી ભારતે વીરામ નથી મૂક્યું. બસ રોકાયું છે.પાકિસ્તાન એવો દેશ જે જુઠ્ઠાઈમાં બધાનો બાપ છે. પણ ભારતના સૈનિક તેનો જવાબ આપવા મજબૂત છે. આખા પાકિસ્તાન ને એક દિવસમાં ભારતની સેના નકશા માંથી મટાડી શકે એટલી શક્તિશાળી છે. અને વિશ્વ ને દેખાડિયું કે પાકિસ્તાન આંતકીઓ નો ગઢ છે.

પણ દુઃખ એ છે કે, જ્યારે બાહ્ય દુશ્મન સામે લડવું સહેલું હોય, ત્યારે આંતરિક દુશ્મન–ઘરના જ ગદ્દાર સામે લડવું વધુ કઠિન હોય છે. દેશની જ માટીમાંથી ઊગેલા કપૂત આજે એ જ ઘર (દેશ) ને નબળું પાડવા તત્પર છે. જ્યારે દેશનો એક વીર સપૂત વડાપ્રધાન બનીને રાતદિન દેશસેવામાં લાગ્યો છે, ત્યારે કેટલાક એવા લોકોએ જાતજાતના ભેદભાવ, અફવાઓ અને દેશદ્રોહી હાથે દેશને અંદરથી ખોખલું કરવાનું ષડ્યંત્ર રચ્યું છે.

જ્યાં સીમાના શત્રુઓની ઓળખ થવી સરળ છે, ત્યાં ઘરમાં રહેલા દેશદ્રોહીઓને ઓળખવી અને તેમની સામે લડવી દેશના દરેક નાગરિકની ફરજ બની ગઈ છે. આજે ભારતના રાષ્ટ્રને સમર્પિત જનતાને આપણે ભલામણ કરીએ કે દેશની એકતાને ટકાવી રાખવી, શત્રુઓને ઓળખવી અને આપણા વીર સપૂતોના બલિદાનને વ્યર્થ ન જવા દેવું તેનું ધ્યાન રાખીએ. એ સાચી દેશભક્તિ છે.વીર સપૂતો દેશની રક્ષા માટે ધૂળમાં લોથપોથ થઈ જઈ રહ્યા છે. તેઓ જાણે છે કે સામે દુશ્મન છે, હાથમાં હથિયાર છે, અને લક્ષ્ય સ્પષ્ટ છે. દેશને બચાવવાનું.

આભાર છે, આવા વીર સપૂતોનો જેમણે ભારતના શત્રુઓને આ?ર્યમાં નાખી દીધા. જેમણે સાબિત કરી દીધું કે મિશનસિંદુર હોય કે સર્જિકલ સ્ટ્રાઈક–ભારત આજે કશું પણ કરી શકે છે. પાકિસ્તાનની ધજ્જીયાં ઉડાડવામાં આવી.પરંતુ... એક પ્રશ્ન ઊભો થાય છે કે એ શત્રુ તો બહારનો છે, જે નજરે પડે છે.પણ દુઃખ સાથે કહેવું પડે છે કે દેશના ઘરમાં જ કેટલાક એવા ગદદાર બેઠા છે, જે દેશની અખંડિતતા સાથે ખેલ કરી રહ્યા છે. ભાષા, જાતિ, ધર્મના નામે દેશને વહેંચવાનો ષડ્યંત્ર ચાલુ છે. દેશના મુખ્યસેવક તરીકે આજનો વીર સપૂત પોતાની આખી જિંદગી દેશસેવામાં અર્પી રહ્યો છે, તો કેટલાક ઘરના જ માણસો એ ઘરને અંદરથી બરબાદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ લડાઈ ઘણી વધારે ખતરનાક છે, કેમ કે દુશ્મન ઓળખાય એ જરૂરી નથી. એ તમારા ગામમાં હોય શકે છે, તમારા મંચ પર બેઠેલો હોઈ શકે છે, કે તમને નફરતના બીજ વાવે છે એવું મિત્ર પણ હોઈ શકે છે.

માટે હવે સમય આવી ગયો છે કે આપણો દૃષ્ટિકોણ બદલીયે. દેશપ્રેમ માત્ર તિરંગો લહેરાવવો કે ગીત ગાવવો નથી. દેશપ્રેમ એ છે જ્યારે તમે સાચાને ઓળખી ને સહારો આપો અને ગુનાહગારોને સામે લલકારો.

આજના યુગમાં શત્રુની ઓળખવું પણ દેશસેવા છે. આવો, આપણા વીર સપુતો ના બલિદાનને વ્યર્થ ન જવા દઈએ. ઘરના શત્રુઓ સામે અવાજ ઉઠાવીએ અને કહીએ

હું પણ એક સૈનિક છું–કલમનો, શબ્દોનો અને સત્યનો!

**-જ્યોતિ યુ. પંડયા, અતુલ**

## આજનું જરૂરી ચિંતન



આજની એક ખૂબ મોટી સમસ્યા ભારતીય સમાજ સામે ફુંફાળા મારી રહી છે. વીસ દાયકા પહેલાં સરકાર દ્વારા બેટી બચાવો - બેટી પઢાઓ ઝુંબેશ હાથ ધરવામાં આવી અને કન્યા કેળવણી માટે સમાજમાં દીકરીઓને સાક્ષર બનાવવા લોકોએ પણ આ જાતીય સમાનતાના હક્ક તરફ દીકરીઓને સમાન હક્ક આપવા તત્પરતા દેખાડી. દીકરીઓ તો એક એવો દીવો છે જે બે કુળને દીપાવે છેઁ. જ્યારે અભણ હોવાં છતાં સુચારુ રીતે વ્યવહાર ચલાવે અને કુટુંબની દેખરેખ રાખી શકે એ શિક્ષિત થયા પછી એજ સુખ શાંતિને ચાર ચાંદ લગાવીને નવી સિદ્ધિઓ અપાવી શકે છે. છેલ્લા દાયકાઓથી દીકરીઓએ શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે પોતાની નોંધપાત્ર સફળતાથી ધરતીથી લઈને આકાશ અને અવકાશ સુધી સફળતાના શિખરો સર કર્યા છે. પગભર થઈને દીકરા કરતાં સવાઈ સાબિત થઈ ઘર - પરિવાર અને રોજગારને એકસાથે સાંભળીને ચાલવાવાળી દીકરીઓ આજેપરિવાર, સમાજ અને દેશનું નામ રોશન કરી રહી છે.

આપણે ઘર સાચવવાની સાથે દીકરીઓને કમાતા શીખવી દીધું અને એ લોકોએ કરી પણ બતાવ્યું, પણ એક સુશિક્ષિત - આત્મનિર્ભર દીકરી સાથે કેમ રહેવું એ એ લોકોએ શીખ્યું નહી. એ લોકો ઘર અને બાળકોની જવાબદારી સાથે રોજગાર સંભાળતી યુવતીઓને ચિરાગમાંથી નીકળેલો જિન્ન સમજી બેઠા છે કાં તો એક રોબોટં જે મશીનની જેમ કામ કર્યા કરે છે ને કોઈ અપેક્ષા ન રાખે. આજકાલ લોકોને રોજગાર કમાતી વહુઓ તો જોઈએ છે, પણ સાથે ઘરનું કામ પતાવીને જાય. નોકરી કરી ઘરે પાછી ફરતી મહિલાઓ ઘરે આવીને પણ કામ પર પાછી ફરતી હોય છે. સાસરિયામાં દરેકને એક વહેમ હોય છે કે, બહાર કમાવા જતો પુરુષ કામ કરીને થાકીને ઘરે આવતો હોય છે, પણ બહાર કમાવા જતી સ્ત્રીને તો આરામ કરવાનો પગાર મળતો હોય છે. એને તો બેસાડીને પગાર ચૂકવાય એટલે કામ પરથી ઘરે પાછી ફરતી સ્ત્રીઓને ઘરે કામ ફરજિયાત હોય છે.

આપણા સમાજે દીકરીઓને ઘર સાચવવાની સાથે કમાતા શીખવી દીધું પણ પુરૂષોને કમાવવાની સાથે ઘરકામ શીખવવાનું ચૂકી ગયા. એટલું જ નહીં પુરુષો કરતાં ચડિયાતી સ્ત્રીઓને કારણે એમનો ખોટો પુરુષત્ત્વનો અહંકાર ઘવાતા આજે મોટે ભાગે ઘર ઘરમાં મહાભારત થાય છે. જાતીય સમાનતાની વાતો કરનારા લોકોએ સ્ત્રીઓનું બમણું શોષણ કર્યું. પુરુષો આજે પણ ઘરમાં મદદ કરતાં નાનમ અનુભવે છે ને બાળકો સાચવવામાં માયકાંગલાપણું સમજે છે. પણ સ્ત્રીઓની કમાણી પર પોતાનો હક્ક સમજવાને મર્દાનગી સમજે છે. અમુક કિસ્સાઓમાં પુરુષો પોતાની ઘરકામમાં મદદ કરે અને બાળકોને સાચવે તો એને બૈરીઘેલો, બાયલો અને મીઠો કહીને અપમાનિત કરવામાં આવે છે. આવી હલકી ટિપ્પણીઓને કારણે સારા પુરુષો ઈચ્છવા છતાં પણ શરમને કારણે ઘરમાં સહાયતા કરતા નથી અને નકલી મર્દાનગીના બોજ નીચે દબાઈને જુઠ્ઠાણાંને પોષતા રહે છે. એક સમયે અશિક્ષિત હોવાને કારણે સ્ત્રીઓ પોતાના હક્ક વિશે સજાગ નહોતી. બીજું કે આત્મનિર્ભર બનવાની કોઈ તક એને મળી નહોતી, સ્વાભિમાન સાથે જીવવા માટે એની પાસે કોઈ તણખલું પણ નહોતું. વળી, બાળકોના કારણે એ મન મારીને પણ આજીવન હડધૂત થઈને પણ ઘર ને સંબંધ એકતરફી સાચવ્યા કરતી ને પુરુષોને મનસ્વીપણે વર્તવાની આઝાદી મળી રહેતી. પુરુષો લગ્ન સિવાયના લફડા કરે, દારૂ પીવે, જુગાર રમે કે ગોરખધંધા કરે એને કોઈ રોકટોક નહોતી. પરંતુ સ્ત્રીઓ કમાતી થઈ - ઘર ચલાવતી થઈ અને આ બધા અત્યાચારો સામે અવાજ ઉઠાવતી થઈ એટલે એક નવો ટ્રેન્ડ શરૂ થયો. લોકોને ભણેલી વહુ જોઈએ, પણ કમાતી નહિ... એ ઘરની ચાર દીવાલો વચ્ચે રસોડામાં ગરમ - ગરમ રોટલી પીરસતી હોય એ સંસ્કારી અને સાચું બોલવાવાળી માથાભારે અને સંસ્કારવિહીન. સમાજે સ્ત્રીઓને દબાવીને રાખવા માટે સંસ્કારીની ટ્રોફી બહાર પાડી અને ભણેલી દીકરીઓ મૂંગા મોંએ અન્યાય સહન કરી એ ટ્રોફી જીતવા રાત - દિન મહેનત કરે છે પણ કોઈને હજી મળી નથી. પોતાના લોહી પાણી એક કરી સીંચેલા ઘરમાં એને અવારનવાર સાંભળવા મળે છે કે, અમારા ઘરમાં રહેવું હોય તો અમારી મરજી મુજબ ચાલવું પડશે ને ના ફાવે તો નીકળ અમારા ઘરમાંથી બહાર.....

બસ આ બધા અપમાનોના ઘૂંટ પીને થાકી ગયેલી આજની દીકરીઓ લગ્નથી દૂર ભાગે છે. એમની પાસે પ્રેમનો અખૂટ સાગર છે, પણ એને સંભાળવાવાળા નથી મળતા એટલે એ એકલા જીવી શકે એટલી સમર્થ બની ગઈ છે. એ ઘર સાચવવાની સાથે કારોબાર પણ સાચવી શકે છે, શરત એટલી કે એનું સ્વાભિમાન જળવાઈ રહે, એની લાગણી અને પ્રેમની કદર કરે તો એ આયખું આખું સમર્પિત કરી દે. આજકાલ સમય એવો ચાલી રહ્યો છે, જ્યાં લફડા ફેશન બનિ ગયા છે ને લગ્ન મજાકે એમાં આજીવન એક માણસની સાથે ભવસાગર પાર કરવાના સપના જોતી યુવતીઓમાં ભય પેસી ગયો છે. બીજી તરફ મજબૂત, મક્કમ અને આત્મનિર્ભર દીકરીઓ સમાજને સ્વછંદી લાગે છે અને એમને કાબુમાં રાખવી અઘરી જણાશે એમ વિચારી કહેવાતા સભ્ય પરિવારો આવી દીકરીઓથી દૂર ભાગે છે. સમાજના આગેવાનો પણ એમાં મુખ્ય ભૂમિકા ભજવતા નજરે પડે છે. આજે પણ પોકળ પ્રથાઓના નામ પર કન્યા કરતાં વીસ વર્ષ મોટા પુરુષ સાથે લગ્ન ચલાવી લેનારો સમાજ પુરુષ કરતાં મોટી ઉંમરની યુવતીઓ સાથે લગ્ન ચલાવી લેતો નથી. આવી નબળી માનસિકતાથી થાકેલી કન્યાઓની વ્યથા કંઈક આવી છે

अद्यापि दुर्निवारं स्तुतिकन्या वहति नाम कौमारम्।

सद्भ्यो न रोचते सा असन्तः अपि अस्यै न रोचन्ते॥

સ્તુતિ નામની કન્યા બિચારી હજુ કુંવારી છે, કેમ કે, સારા માણસોને એ ગમતી નથી. તો જે સારા નથી, તે એને ગમતા નથી !

આજે સમાજમાં તૂટતી જતી લગ્ન વ્યવસ્થા પાછળ સ્ત્રીઓ નહી, પણ અહંકારી પુરુષવાદી વિચારધારા છે. જે સ્ત્રીઓને સમોવડી બનાવવાના નાટક કરી એનું બમણું શોષણ કરી એનું દમન કરી રહ્યા છે. સમાજ અને સમાજના આગેવાનોએ મનોમંથન કરવું રહ્યું નહિ તો આ ભેદભાવોના પરિણામ આવી રીતે જોવા મળતા રહેશે.

**- નીતા પી. જાદવ ( રાજકોટ)**

## જીવાતા જીવનમાં જ જીવન મળે!



જીવાતા જીવનમાં જ જીવન મળે!

જીવન તો તેને મળતું હોય છે જે પડકાર ઝીલી શકે!

- સ્વામી સચ્ચિદાનંદ

આ વાક્યનો પ્રભાવ જ એવો છે કે ફરી ફરીને વાંચવાનું મન થાય. વળી, વાંચન માત્રથી જ આપણને સકારાત્મક ઉર્જા પ્રાપ્ત થાય છે. ઘણીયે શબ્દ સાધના કરી હોય, પછી જ આવા વાક્યો અસ્તિત્વમાં આવતાં હોય છે. તમને જીવન જોઈએ છે? કેવું? કોઈ ચોક્કસ પ્રકારે વિચાર્યું છે? ના, આતો એથી પૂછવાનું થયું કે કદાચ જાણવા મળે જીવનના પ્રકારો.

વ્યક્તિએ વ્યક્તિએ જીવન જીવવાની વ્યાખ્યા જુદી જ હોવાની! વળી દરેકના જીવનમાં આવતા ઉતાર- ચઢાવ પણ અલગ જ હોવાના ક્યારેક એવું બને કે બે વ્યક્તિના ધ્યેય એક સરખા હોય પરંતુ ત્યાં સુધી પહોંચવા માટે કરવી પડતી મથામણ અને તેના થકી મળતો અનુભવ અલગ જ હોવાનો.

જીવનની વ્યાખ્યા કરીએ તો દરેકની અલગ અલગ, સ્વભાવગત થાય! કંઈ પણ શ્રેષ્ઠ મેળવવા માટે શ્રેષ્ઠ સંઘર્ષ કરવો પડતો હોય છે. સંઘર્ષ બે રીતે કરી શકાય, એક આનંદીત રહીને અને બીજું ફરિયાદી બનીને. એ આપણા ઉપર આધાર રાખે કે આપણે કેમ કરવું છે.

આપણાં ધ્યેય સુધી પહોંચવા માટે અનેક પડાવો સર કરવા પડતા હોય છે. દરેક પડાવની મજા જુદી, અનુભવ જુદો અને પરિણામ પણ જુદાં જ હોવાના. વળી વ્યક્તિએ વ્યક્તિએ એ આ બધું જ અલગ. આ સમયે દુઃખી થઈને ફરિયાદ કરવા કરતાં, શોકમગ્ન બનીને જીવન વ્યતિત કરવા કરતાં, જે મળે છે એને સ્વીકારીને, પચાવીને આગળ વધતાં રહેવું. એનું નામ જ જીવન. નિષ્ફળતા પછી સફળતા મળે જ છે. અને સૂર્ય એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. કે જે આથમે છે તે ક્યારેક તો ઉગે જ છે.

ગમે એ પરિસ્થિતિમાં મોજથી ટકી જાય એને જ સાચું જીવન કહેવાય.

સહેલાઈથી મળ્યું હોય એની ક્યારેય કદર નથી થતી. એથી જીવનમાં જો સ્વમાનથી અને સ્વાભિમાન પૂર્વક જીવવું હોય તો હંમેશા પડકારો જીલતા રહેવું. એ જીવંત હોવાની શ્રેષ્ઠ નિશાની છે.

સફળતા મેળવ્યા પછી અથવા તો સતત નિષ્ફળતા મેળવ્યા બાદ એક વાક્ય હંમેશા યાદ રાખવા જેવું છે કે, આ સમય પણ જતો રહેશે! સંઘર્ષ ક્યારેય સહેલો નથી જ હોતો. પરંતુ હા, સકારાત્મક જરૂર હોય છે. નિષ્ફળતા નિરાશ કરે પણ નાસીપાસ થયા વિના નિરંતર આગળ વધતા રહેવાથી અચૂક ધ્યેય પ્રાપ્તિ થતી હોય છે.

સંઘર્ષ શબ્દ આપણને નકારાત્મક લાગે. એને બદલે જો આપણે યાત્રા શબ્દનો ઉપયોગ કરીશું તો જીવન ચોક્કસપણે સકારાત્મક,સરળ, સુંદર અને જીવવા લાયક બની જતું હોય છે. યાત્રા ક્યાંની અને ક્યાં સુધી?ની તો જીવન યાત્રા સ્વ સુધીની. જીવન ઉજવવા માટે હોય છે અને એકવાર તેને ઉજવી લીધા પછી મૃત્યુ તરફની આપણી ગતિ મહોત્સવ બની જતી હોય છે.

**- કિંજલ પંડયા, પારડી**

## વાસ્તવિકતાનો સ્વીકાર કરી, હસતાં હસતાં જીવીએ



જિંદગી ૩ અક્ષરનો શબ્દ છે અને મરણ પણ ત્રણ અક્ષરનો શબ્દ છે. આ ત્રણ અક્ષરના શબ્દો... જીવન મરણના બે છેડાઓ..... એની વચ્ચે લખાયેલી અને અણલખાયેલી જીવનની બારાખડી છે. આપણે આંધળા ની જેમ એ બારાખડીને ઉકેલવાનો પ્રયત્ન કરીએ છીએ. ઉકેલ હંમેશા આપણાં હાથમાં નથી હોતો. પરિસ્થિતિ હંમેશા આપણા વશમાં નથી હોતી. છતાંય આપણી મહત્તા એ હોવી જોઈએ કે આ બધાંની વચ્ચે આપણે હસતાં હસતાં જીવવાનું. જીવન પવિત્ર છે. અસ્તિત્વ પવિત્ર છે. વાસ્તવિકતાનો સ્વીકાર મહત્વની વસ્તુ છે. મારી જો આંખ નબળી હોય તો એ વાસ્તવિકતા છે. આંખ નબળી હોવા છતાં ચશ્માં ન પહેરું તો એ વાસ્તવિકતાનો નકાર છે. તે ચશ્માં વિનાની આંખે ચાલુ તો અથડાઉ અને કુટાઉ પણ ખરો. સામે ચાલીને આમંત્રેલી આ આફત છે. મોટાભાગના માણસોની જિંદગી વણસે છે, વાસ્તવિકતાના અસ્વીકારને કારણે. ગરીબી હોય અને છતાં ગરીબી નથી એમ માનીને અન્યને બતાવવા માટે દેખાડો કરીશું તો આજે નહીં તો કાલે આપણે હાંસીપાત્ર ઠરીશું. એક ચિંતકે કહ્યું છે કે, જિંદગી ટૂંકા ધાબળા જેવી છે. સૂતી વખતે રાતના સમયે જો તમે તમારો ધાબળો ઉંચે ખેંચશો તો ઉઘાડા પગ જાણે કે બળવો કરશે અને જો તમે ધાબળાથી પગને ઢાંકશો તો ખભાઓ ધ્રૂજવા માંડશે. પૈસા ભેગા કરવા માટે, ખ્યાતિ મેળવવા માટે ફાંફા મારવાં અને ન હોય એવાં દેખાવું , હોઈએ એવું સ્વરૂપ છુપાવવું, આ બધાંથી જીવન નથી બનતું. જે માણસ રોજિંદાપણામાંથી બચી જાય છે અને રોજિંદાપણામાંથી પણ આનંદ લૂંટી શકે છે

એજ જીવન જીવી શકે. એવું એક વિચારકે કહ્યું છે. વાણી અને વર્તનનું વ્યાકરણ, અને ઔદિત્યનો વિવેક જેની પાસે છે એને માટે જીવન વરદાન છે. સાચું બોલવું, ખોટું કરવું નહીં અને ખબર પડે કે આ ખોટું થાય છે તો એને અટકાવવું એ જીવન જીવવાનો રાજમાર્ગ છે. બાકી ગલીકૂચીમાં અટવાઈએ તો જીવતે જીવત આપણે આપણાં જ મરણનો મૂકાબલો કરવાનો રહેશે. આપણે સૌ હંમેશા ખુશ રહીએ. મોજમાં રહીએ અને પ્રેમસભર જીવન જીવીએ. જે નરી વાસ્તવિકતા છે તેનો સ્વીકાર કરીએ. આટલું તો આપણે સૌ સમજીએ છીએ કે -

વધારે મળે તેને કહેવાય- નસીબ<br>
ઘણું હોય છતાં રડતો રહે<br>
તેને કહેવાય-કમનશીબ<br>
કંઈપણ ન હોય તોયે ખુશ રહે<br>
તેને કહેવાય ખુશનસીબ

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## મા-બાપને ભૂલશો નહીં....



સમાજમાં દિવસે દિવસે વૃદ્ધાશ્રમો, ઘરડાઘરો માં વૃદ્ધિ થતી જાય છે. ભારતીય સંસ્કૃતિની સંયુક્ત કુટુંબ પદ્ધતિ આ એક આગવી વિશેષતા હતી. જે દિવસે દિવસે લુપ્ત થઈ રહી છે. સુખેથી રહેતું સંયુક્ત કુટુંબ એ દ્રશ્ય અદ્રશ્ય થઈ રહ્યું છે. આ ચિંતાનો વિષય છે. એનું ચિંતન કરતાં ક્યાંય આપણા દ્વારા જ થતી ભૂલો ધ્યાનમાં આવે છે. કુટુંબ માટે ત્યાગ કરવાની ભાવના, પોતિકાપણું ધીરે ધીરે નષ્ટ થઈ ગયું. પશ્ચિમી સંસ્કૃતિની જેમ આચાર.વિચાર, ખાન -પાન, પોશાક કરવામાં મોટાઇ લાગતી હતી. એ જ સમયે આપણે આવનાર પેઢીને શું પીરસી રહ્યા છીએ એનું ભાન રાખ્યું નથી.

આજે એ જ બાળકો જ્યારે યુવાન થયેલા છે. ત્યારે વ્યક્તિગત સ્વાતંત્ર્ય કે પોતાના સ્પેસની વાત કરે છે ત્યારે આપણે પોતે જ ખોદેલા ખાડામાં પડવાનો વારો આવ્યો છે એ નક્કી!

હજી ગામડામાં આ બદીની અસર જોવા મળતી નથી. આ આપણું ભાગ્ય છે. ખરેખર તો મા બાપની સાર સંભાળ રાખવી એ દરેક યુવાનોનું નૈતિક કર્તવ્ય છે. જન્મદાતાઓને કારાગૃહ જેવા (મન મારીને રહેવું પડે એવા) ઘરડા ઘરમાં રાખીને પોતે મોજ મજા કરવી આ કેવળ કૃતઘ્નતા છે. ભારતીય સંસ્કૃતિમાં આને જરાય સ્થાન નથી. આજના યુવાનોને માતા પિતા નથી જોઈતા પણ એમની સંપત્તિ જોઈએ છે. ઘરડાઘરો, અનાથઆશ્રમો અથવા કાળજી કેન્દ્રો (કેર સેન્ટર) એ સમાજની સ્વાર્થી માનસિકતાનું લક્ષણ છે. પોતાના કરિયર પાછળ કે સ્વાર્થ ખાતર મા બાપને વૃદ્ધાશ્રમમાં મોકલતા યુવાનોને કાયદાનો ડર લાગે એવા કાયદા હોવા જોઈએ.નહી હોય તો એવા કાયદા કરવા જોઈએ. સંયુક્ત કુટુંબ પદ્ધતિ ફરીથી શરૂ થાય તે માટે નાનપણથી ધર્માચરણ, સંસ્કારોનું સિંચન થવું જોઈએ. તો જ માતૃદેવો ભવ! પિતૃદેવો ભવ! એવી લાગણી ફરીથી નિર્માણ થશે.

**-શીલા દાતાર, અમદાવાદ**

## વિદેશી રમતોની ઘેલછા

મનને એકાગ્ર કરવા માટેની પ્રકિયા રમતો દ્વારા થતી હોય છે. જેના દ્વારા એકાગ્રતા ખીલવી શકાય સાથે આનંદ પણ માણી શકાય. કોઈ વ્યક્તિને આપણે પ્રશ્ન કરીએ કે તમે શું કામ રમો છો ...? તો કહેશે કે અમે ટાઈમપાસ કરવા રમીએ છીએ. કોઈપણ રમત સમય પસાર કરવાની રમત નથી. રમતો દ્વારા એકાગ્રતા ખીલે છે, યાદશક્તિ વધે છે, વ્યાયામ સાથે શરીરને સ્ફૂર્તિ મળે છે સાથે સાથે રમતી વખતે સતત ધ્યાન ધીરજથી રમીએ તો સૌથી મહત્વનો એવો ધીરજનો ગુણ આપણામાં વિકસે છે. બૌદ્ધિક શક્તિ ખીલે છે.

વિદેશી રમતોની ઘેલછાને કારણે આજે આપણી પ્રાચીન રમતો ભુલાઈ રહી છે. આજના યુવાનો આપણી મૂળ ભારતીય રમતો વિસરી રહ્યા છે.

આપણી જૂની રમતો કબડ્ડી, ખોખો, લંગડી અને દોરીકૂદ જેવી અનેક રમતો જે બિનખર્ચાળ છે કે જેમાં કોઈ મોંગાદાત સાધનોની કે મોટા મેદાનોની જરૂર રહેતી નથી. તેવી રમતો આજે કેટલાક દાયકાથી વિસરાઈ ગઈ છે. અત્યારની પ્રચલિત રમતો ક્રિકેટ, ફૂટબોલ, બેડમિન્ટન, હોકી, ટેબલટેનિસ, ચેસ અને વોલીબોલ વિગેરની બધી મહત્વની રમતોમાં ગણના હોવા છતાં આપણી જૂની રમતો આપણે સાવ ભૂલી રહ્યા છે. આજે ક્રિકેટ ટેસ્ટ બાદ વર્લ્ડકપ પછી વન-ડે, ટવેન્ટી ટવેન્ટી ક્રિકેટને વધુ મહત્વ આપતાં શાળા અને મહાશાળાઓમાં પણ જૂની રમતો વિસરાઈ ગઈ છે ક્રિકેટ સિવાયની કેટલીક અન્ય જૂની રમતો શારીરિક રીતે મજબૂત બનવાની સાથે રમતવીરોને ઉત્સાહી અને સશક્ત બનાવે છે. આવી બધી પ્રાચીન પ્રચલિત રમતો શાળા - મહાશાળા અને યુનિવર્સીટી લેવલે ફરી શરૂ કરી રમતવીરોને ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવે તો ભુલાયેલી જૂની રમતોમાં પ્રાણ પુરાશે.

**- ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી**


**દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.**

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: 9825122505,9558820014







# વાપી મનપાનાં મુખ્ય ૧૧ રસ્તાઓ બનાવવાની કામગીરી પૂર્ણ




## નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ અને કમિશ્નર યોગેશ ચૌધરી તેમજ વહીવટદાર દ્વારા નગરના અગ્રણીઓ સાથે ચર્ચા વિચારણા અને આયોજન સાથે વિકાસના કામો કરાઈ રહ્યા છે



**(મનોજ ભંડારી દ્વારા)**

**વાપી, તા. ૧૪ :** વાપી મહાનગરપાલિકામાં સમાવેશ વિસ્તારોમાં છેલ્લા ચાર મહિનામાં ૧૭.૪૪ કરોડના ૧૧ જેટલા રસ્તાઓ બનાવી તેનું કામ પૂર્ણ કરાયું જ્યારે ૧૯. ૪૧ કરોડના આઠથી વધુ રસ્તાઓનું કામ ગીરી ચાલી રહી છે સાથે વાપી વિસ્તારના અનેક આંતરિક રસ્તાઓ તેમજ પ્યોર બ્લોકના કામો પણ થઈ રહ્યા છે જેને લઈ અગામી દિવસોમાં આવી રહેલા ચોમાસા દરમિયાન નાગરિકોને મુશ્કેલી ન ઊભી થાય તેવું આયોજન નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વહીવટદાર અને પાલિકાના કર્મચારીઓ દ્વારા સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ભાજપ સંગઠન સાથે સંકલન કરી વિકાસના કામો કરાઈ રહ્યા છે જેને લઈ વાપીની જનતામાં આનંદ નો ઉત્સવ જોવા મળી રહ્યો છે

પ્રાપ્ત વિગત મુજબ જાન્યુઆરી ૨૦૨૫ થી વાપી નગરપાલિકાના આજુબાજુના કુલ ૧૧ ગામોનો સમાવેશ કરી ગુજરાત સરકાર દ્વારા વાપી મહાનગરપાલિકા તરીકે જાહેર કરવામાં આવેલ છે. વાપી મહાનગરપાલિકા બન્યાના ચાર માસ જેટલા ટૂંકા સમયમાં વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર યોગેશ ચૌધરી અને વહીવટદારના સીધા માર્ગદર્શન હેઠળ વાપી મનપાના વિવિધ વિસ્તારોમાં વિકાસ સુવ્યવસ્થિત રીતે થઈ રહેલ છે. જે મુજબ કમિશનરએ તેઓની વાપી મહાનગરપાલિકાના સામાન્ય બજેટની જાહેરાત કરતી વખતે મનપામાં સમાવિષ્ટ રસ્તાઓની કામગીરીને ખુબજ ઝડપથી પૂર્ણ કરવાની વાત જણાવેલ. જે મુજબ વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરના મહત્તમ રસ્તાઓની કામગીરી ઝડપભેર પૂર્ણ કરવામાં આવી છે અને તેના કારણે શહેરીજનોમાં આનંદની લાગણી પ્રવર્તી રહી હોવાનું જણાય છે. આમ વાપી મનપાએ ખુબજ ટુકા સમયમાં કુલ રૂ.૧૭.૪૮ કરોડના ૧૧ રસ્તાના કામો પૂર્ણ કરેલ છે. જેમાં મુખ્યત્વે વાપી હનુમાન મંદિરથી કચીગામ બોર્ડર ને જોડતા રોડનો પ્રથમ ભાગ,વાપી હનુમાન મંદિર થી દેસાઈવાડને જોડતો રોડ, વાપી અનાવિલ શેરી રોડ,મોરાઈગામ થી વટાર પીએચસી સુધીનો મુખ્યમાર્ગ, વટાર થી કલારિયા-સોમનાથ ને જોડતો રોડ, છરવાડાગામ થી સલવાવગામને જોડતો રોડ,મેઘ મયુર સોસાયટીને જોડતો રોડ,વાપી કબ્રસ્તાન મુખ્ય માર્ગ,ધરમશી પાર્કનો રોડ,ગોકુળ વિહાર સોસાયટીનો રોડ,કોપરલી રોડ થી સેલ્વાસ રોડને જોડતો વૈશાલી સિનેમા રોડ,કંચન નગરરોડ વિગેરે રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે હરિયા પાર્ક મુખ્ય માર્ગ, વાપી ખડકલા મુખ્યમાર્ગ, વાપી હનુમાન મંદિરથી કચીગામ બોર્ડર ને જોડતા રોડનો બીજો ભાગ,ડુંગરી ફળિયા મુખ્ય માર્ગ, હરિયા પાર્કના આંતરિક રસ્તાઓ પેવર બ્લોકથી કરવાનું કામ,છરવાડા રોડ થી છીરીને જોડતો રોડ,જી એસ ટી ભવન થી આલોક કંપની ચાર રસ્તા સુધીનો રોડ વિગેરે ના કુલ ૧૯.૪૧ કરોડના રસ્તાઓના કામો પણ હાલમાં ચાલી રહેલ છે આમ સમગ્ર મનપા વિસ્તારોમાં રસ્તાની કામગીરી ચાલી રહેલ છે અને તે પૂર્ણ થયેથી શહેરીજનોને રસ્તાની સુવિધા ઉપલબ્ધ થઈ શકશે. જોકે આ તમામ કામગીરી મ્યુનિસિપલ કમિશનર અને ગુજરાત રાજ્યના નાણાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ અને તેમની ટીમ દ્વારા સંકલન કરી વાપીના વિકાસના કામો ઝડપથી કરાઈ રહ્યા છે જેનું ઉત્તમ ઉદાહરણ તરીકે હાલમાં વાપી મહાનગરપાલિકાના ૧૧ જેટલા રસ્તાઓ ની કામગીરી પૂર્ણ કરાય છે અને વધુ રસ્તાઓ અગામી દિવસોમાં સંપૂર્ણ બની જશે જેને લઈ આગામી દિવસોમાં આવી રહેલા ચોમાસા દરમિયાન વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વસતા નગરજનો તેમજ રાહદારીઓ અને વાહન ચાલકોને મુશ્કેલી ન પડે તેવું આયોજન મહાનગરપાલિકા દ્વારા કરાઈ રહ્યું છે જે ખૂબ જ સારી કામગીરી ટૂંકા ગાળામાં જોવા મળી રહી છે.

**વાપી મહાનગર પાલિકા બન્યાના માત્ર ચાર મહિનામાં જ ૧૭.૪૪ કરોડના ૧૧ રસ્તાઓ બનાવવાની કામગીરી પૂર્ણ સાથે ૧૯.૪૧ કરોડના ૮ થી વધુ રસ્તાઓ બનાવવાની કામગીરી પુરજોશમાં**

## વાપીની એલ.જી. હરિયા સ્કૂલ ધો.૧૦-૧૨નું ૧૦૦ ટકા પરિણામ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૪ :** હરિઆ પાર્કમાં આવેલ શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ નું ૧૦૦ ટકા ટકા પરિણામ વિદ્યાર્થીઓને હિંમત, પરિશ્રમ, સાચો માર્ગ દર્શાવે છે, અમારી શાળા શ્રી એલ. જી હરિઆ મલ્ટીપર્પસ સ્કૂલ.

શ્રી એલ.જી.હરિઆ મલ્ટી પર્પસ સ્કૂલના ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સાયન્સ અને કોમર્સમાં ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. શાળા નાં આચાર્ય શ્રી બિન્ની પોલ, શાળા નાં મેનેજમેન્ટ ટ્રસ્ટીસ તથા શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા છે. ધોરણ ૧૦માં પ્રથમ ક્રમે ૧.દિશા. એ. સહા ૯૫.૨૦ ટકા દ્વિતીય ક્રમે ૨.ચૈત્રાલી. મહેશ. તમહાને ૯૪.૪૦ ટકા અને તૃતીય ક્રમે ૩. સાલવી. અનિલ. કુશવાહા ૯૩.૬૦ ટકા. ધોરણ ૧૨ માં - થમ ક્રમે ૧. ઓમકાર કૈલાસ સોલટ ૯૪.૨ ટકા દ્વિતીય ક્રમે ૨. આદિત્ય રાકેશ પંડિત ૯૨.૬ ટકા અને તૃતીય ક્રમે ૩. શ્રેયા ઉપેન્દ્ર ઉપાધ્યાય ૯૨.૦૦ ટકા અમને જણાવતાં આંનદ અને ગર્વ અનુભવાય છે અમારી શાળાની ધોરણ ૧૦ ની વિદ્યાર્થી ની દિશા. એ. સહા અને કાજલ કામલી એ સામાજિક વિજ્ઞાન વિષય માં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. તથા દિશા. એ. સહા અને ધૈર્યા કપૂરીયા ને કમ્પ્યુટર વિષય માં ૧૦૦ માંથી ૯૯ ગુણ પ્રાપ્ત થયાં છે.અને ધોરણ ૧૨ માં શ્રેયા ઉપાધ્યાય અને પ્રીતિ શર્મા એ મનોવિજ્ઞાન વિષય માં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે, સાગર શુકલા એ ઈકોનોમિક્સ વિષય માં ૧૦૦ માંથી ૯૯,ઓમકાર સોલતે ગણિત વિષય માં ૧૦૦ માંથી ૯૯ તથા આદિત્ય પંડિતે ફિઝિકલ એડયુકેશન (PE) વિષય માં ૧૦૦ માંથી ૯૯ ગુણ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યુ છે.દરેક વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.


## વાપીમાં બે દિવસીય મધર્સ ડે વિકેન્ડ સેલિબ્રેશન કાર્યક્રમ યોજાયો

**વાપી, તા.૧૪ :** ગેલેક્સી હાઈ સ્ટ્રીટે ૧૦ અને ૧૧ મેના સપ્તાહંતે હૃદયસ્પર્શી અને રોમાંચક માતૃ દિવસની ઉજવણી કરી, આ ઉજવણીથી પરિવારો માટે યાદગાર સંસ્મરણો સર્જાયા અને ગેલેક્સી હાઈ સ્ટ્રીટના વધતા વારસામાં વધુ એક સફળ સામુદાયિક કાર્યક્રમ જોડાઈ ગયો. આ બે દિવસીય ઉજવણીમાં મુલાકાતીઓનું સ્વાગત એક સમજણપૂર્વક તૈયાર કરાયેલ અનુભવ સાથે કરવામાં આવ્યું જેમાં આનંદ, સુંદરતા અને વ્યક્તિગત જોડાણના માધ્યમથી માતૃત્વની ભાવનાનું સન્માન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ વાઈબ્રન્ટ મધર્સ ડે ઝોન હતો, જ્યાં મહેમાનોએ ઈન્ટરેક્ટિવ અને લાડ લડાવતી પ્રવૃત્તિઓની શ્રેણીનો આનંદ માણ્યો હતો. સુંદર રીતે ડિઝાઈન કરેલા ફોટો બૂથ અને ઈન્સ્ટન્ટ પોલરોઈડ ફોટોગ્રાફીથી લઈને નેઈલ આર્ટ, મેકઅપ ટચ-અપ્સ અને ટેટૂ આર્ટ સુધી, માતાઓ અને પરિવારો બંનેએ એક સાથે ઉજવણી સાથે આરામનો પણ સમાવેશ કરતા અનુભવનો આનંદ માણ્યો હતો. આ આકર્ષણોએ ન માત્ર યાદગાર પ્રસંગોનું નિર્માણ કર્યું, પરંતુ તેણે દરેક માતાને તે અનુભવ કરવાની તક પણ આપી કે તેમની નોંધ લેવામાં આવી રહી છે, તેમની પ્રશંસા કરવામાં આવી રહી છે અને તેમનું સમ્માન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં હોસ્ટે ઉર્જા અને ઉત્સાહને જોડી દીધા હતા, જેમણે આકર્ષક રમતો, ઈન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ અને જીવનના તમામ ક્ષેત્રોની માતાઓનો હૃદયસ્પર્શી શબ્દો થકી આભાર વ્યક્ત કરી દર્શકોનું મનોરંજન પુરૂં પાડ્યું હતુ. પરિવારના લોકો અને બાળકોની ઉત્સાહી ભાગીદારીએ સમગ્ર સપ્તાહંતે ઉષ્માપૂર્ણ, ઉત્સવપૂર્ણ વાતાવરણનું સર્જન કર્યું હતુ. મુલાકાતીઓએ આનંદ અને લાગણીઓને સફળતાપૂર્વક મિશ્રિત કરતા આ કાર્યક્રમની પાછળ રહેલા વિચારશીલ આયોજનની પ્રશંસા કરી હતી. આ ઉજવણીએ ગેલેક્સી હાઈ સ્ટ્રીટની લાઈફસ્ટાઈલ સ્થળ તરીકેની ભૂમિકાને પુનઃપુષ્ટિ કરી જે યાદગાર અને સમાવેશી કાર્યક્રમો થકી સમુદાયને એકસાથે લાવે છે. આ ખૂબ જ સમજણપૂર્વક કરાયેલ ઉજવણી હતી. નેઈલ આર્ટ અને મેકઅપ કોર્નરે મને ખૂબ જ લાડ લડાવતો અનુભવ પૂરો પાડ્યો, અને મારી પુત્રી સાથેનો ઈન્સ્ટન્ટ ફોટો હવે અમારા લિવિંગ રૂમમાં ફ્રેમ કરવામાં આવ્યો છે. એક એવી જગ્યા મળવી દુર્લભ હોય છે કે જ્યાં માતાઓને આટલી ખાસ અનુભૂતિ થતી હોય - તેમ એક માતા અને વલસાડ રહેવાસીએ જણાવ્યું. જ્યારે તેમની પુત્રીએ જણાવ્યમને મારી મમ્મી સાથે મેચિંગ ટેટૂઝ કરાવવાનું અને સાથે ફોટા પડાવવાનું ખૂબ ગમ્યું! અમને ખૂબ જ મજા આવી - આ અત્યાર સુધીનો શ્રેષ્ઠ મધર્સ ડે હતા વધુ એક સફળ ઉજવણી સાથે, ગેલેક્સી હાઈ સ્ટ્રીટ વ્યાપારિક દ્રષ્ટિકોણથી આગળ વધીને રિટેલને મહત્વપૂર્ણ ક્ષણોમાં પુનઃવ્યાખ્યાયિત કરવાનું જાળવી રાખે છે.

## વાપી ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજનું ગૌરવ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી તા.૧૪ :** સીબીએસઈ બોર્ડ દ્વારા ધોરણ ૧૦, એસ .એસ.સીનું જાહેર થયેલ પરીણામ માં વાપી જીઆઈડીસી ની શ્રીમતી સન્દ્રા બેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલ નું ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ વાપીના અગ્રણી ની પુત્રી કુમારી મોક્ષા સમીર ભાઈ ભટ્ટ અને કુમારી નંદિકા કૌશલભાઈ પંડ્યા ૮૯ુ મેળવી સમાજ ને ગૌરવ અપાવેલ છે . જેને લઈ સમાજના અગ્રણીઓ તેમજ શાળા પરિવાર તથા બંને વિદ્યાર્થીની ઓના પરિવારો તેમજ મિત્રો દ્વારા બન્ને ને અભિનંદન , આશીર્વાદ અને શુભેચ્છાઓ આપી રહ્યા છે જોકે મોક્ષા સમીરભાઈ ભટ્ટ વાપી અને વલસાડ જિલ્લાના ભાજપના અગ્રણી તેમજ આર્થિક સેલ વલસાડ જિલ્લા ભાજપના સંયોજક મહેશભાઈ ભટ્ટની પૌત્રી છે, તથા નંદિકા કૌશલભાઈ પંડ્યા વાપીના જાણીતા ઉદ્યોગપતિ અને વી આઈ એ ના અગ્રણી મહેશભાઈ પંડ્યા ની પૌત્રી છે , બન્ને વિધાર્થિનીઓ વાપી જીઆઈડીસી ની પ્રતિષ્ઠિત જ્ઞાનધામ સ્કૂલ માં અભ્યાસ કરતી છે.

## સલવાવ સ્વામિનારાયણ સીબીએસઈ સ્કૂલનું ધો.૧૦-૧૨નું ૧૦૦ ટકા પરિણામ

**વાપી, તા. ૧૪ :** સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજયુકેશન દ્વારા ફેબ્રુઆરી,માર્ચ ૨૦૨૫ માં લેવાયેલી ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં શ્રી સ્વામિનારાયણ સીબીએસઈ સ્કૂલ સલવાવનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. શાળામાં ધો.૧૦ માં કુલ ૧૨૩ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી તે તમામ પાસ થયા છે. શાળામાં પ્રથમ ક્રમે આદિત્ય અનુરંજન પટેલે ૯૭.૪ ટકા , બીજા ક્રમે ધ્યાની રોહિત પાંડવ ૯૬.૮ ટકા ત્રીજા ક્રમે લિખિત મિલિંદ લોહકરે ૯૫ ટકા ગુણ પ્રાપ્ત કર્યા છે. ધો. ૧૨ સાયન્સ માં કુલ ૬૯ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી તે તમામ પાસ થયા છે. શાળામાં પ્રથમ ક્રમે ક્રિશા જીતેન્દ્રકુમાર પટેલ ૯૩.૨ કકા, બીજા ક્રમે ક્રિષ્ના શિવપ્રસાદ જહાંગીર ૯૩ ટકા, દેવ આશિષ દેસાઈ ૯૨.૬ ગુણ મેળવ્યા છે.

જ્યારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૪૨ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી જે તમામ પાસ થયા છે. શાળામાં પ્રથમ ક્રમે પ્રાર્થના કૃણાલ ઠકરાર ૯૪ , બીજા ક્રમે રીતીમા મધુસૂદન મંત્રી ૯૨.૪ તથા ધ્રુવા જગદીશ અધોરા ૯૦.૬ ગુણ મેળવ્યા છે. સિધ્ધિ હાંસલ કરવા બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## વાપી શહેર ભાજપ સંગઠનની નવી ટીમની રચના કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી તા.૧૪ :** વાપી શહેર ભાજપ ૨૦૨૫ અંતર્ગત પ્રમુખ મનીષભાઈ દેસાઈ દ્વારા પ્રદેશ અને જિલ્લા કક્ષાએ ચર્ચા વિચારણા કરી શહેર સંગઠનની ટીમ ની જાહેરાત કરવામાં આવી છે જેમાં ૨ મહામંત્રી ૬ ઉપપ્રમુખ અને ૬ મંત્રી તેમજ ૧ ખજાનચી સહિત કારોબારી સભ્યોની નિમણૂક કરાય છે.




ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ તથા પ્રદેશ ચૂંટણી સમિતિની સૂચના થી વલસાડ જિલ્લા પ્રભારી મહેન્દ્રભાઈ પટેલ અને જિલ્લા ભાજપના પ્રમુખ હેમંતભાઈ કંસારા તેમજ ગુજરાત રાજયના નાણાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ સાથે ચર્ચા વિચારણા કરી વાપી શહેર ભાજપ સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈ દ્વારા તેમની ટીમની જાહેરાત કરવામાં આવી છે જેમાં મહામંત્રી તરીકે વિરાજ જયંતીભાઈ દક્ષિણી અને હાર્દિક અરવિંદભાઈ પટેલ જ્યારે ઉપપ્રમુખ તરીકે છ સભ્યોને નિમણૂક અપાય છે જેમાં ભવ્યેશભાઈ કોટડીયા હેમંતભાઈ અંબાલાલ પટેલ પ્રવીણભાઈ અશોકભાઈ પાટીલ નમિસ એસ શીંગ વિપુલ ઈશ્વરભાઈ રાજપુત જયેશ દિલ્લભભાઈ પટેલ જ્યારે મંત્રી તરીકે સંતોષ ઈશ્વરભાઈ હળપતિ અપેક્ષા બિમલભાઈ શાહ રીટાબેન રાકેશભાઈ પટેલ મનીષાબેન દિનેશભાઈ દાયમાં ભારતીબેન ધર્મેન્દ્રભાઈ ચૌહાણ અને સીમરન અજીતભાઈ મહેતા જ્યારે ખજાનચી તરીકે દેવેન્દ્રભાઈ પટેલ ની નિમણૂક કરાય છે સાથે વાપી શહેર સંગઠન ના ભાજપના સક્રિય સભ્ય તેમજ જુના અગ્રણી કાર્યકર્તાઓને પણ આમંત્રિત તેમજ કમિટીમાં સમાવેશ કરાયો છે મનીષભાઈ દેસાઈ ની વાપી શહેર ભાજપ સંગઠનની ટીમ પ્રદેશ ભાજપ સંગઠનના આદેશ મુજબ ૪૦ વર્ષથી નીચેની વયના હોદ્દેદારોની વરણી કરાય છે જેવો સંગઠનને ખૂબ જ આગળ વધાવે તેવી અપેક્ષા પણ છે.

## ભગવાન ત્રણેય લોકમાં મળે ગુરુ તો આ જ લોકમાં મળે - તે કોકને જ મળે : યશોવર્મસૂરી

**વાપી, તા.૧૪ :** કુદરતી સૌંદર્યથી ભર્યા નદીને ડુંગરો વચ્ચે વસેલા ને. હા.નં ૪૮ પર આવેલું (વાપી અવધ) શ્રી બગવાડા પ્રાચીન જૈન તીર્થધામમાં પાંચ દિવસીય શ્રી લબ્ધિ - વિક્રમ કુમાર સંસ્કાર શિબિર ની અત્યંત ભાવુક્તા સાથે આંસુ સાથે ને અદમ્ય ઉલ્લાસ સાથે પરિપૂર્ણ થઈ ત્યારે અવનવા દ્રશ્યો સર્જાયા હતા. યુવા બાળકોએ જીવન પરિવર્તનના સંકલ્પ લીધા ને રોજિંદા જીવનમાં પ્રભુ પૂજા- રાત્રિભોજન- કંદમૂળ -વ્યસન ત્યાગને સાથે મોબાઈલનો ખૂબ ઓછો ઉપયોગ કરવાના મનોરથો કર્યા ને વિહાર માં પૂજ્ય ગુરુદેવશ્રી સાથે રહેવાના ભાવો વ્યક્ત કર્યા હતા... યાદગાર આ શિબિરમાં પૂજ્યપાદ આચાર્ય ગુરુદેવ શ્રી યશોવર્મસૂરીશ્વરજી મહારાજા, વિદ્વદ્વર્ય આ. શ્રી ભાગ્યયશસૂરીજી મ.,આ. હ્રીંકારયશ સૂ. મ. આદિ એ અંતિમ પ્રવચન આપ્યા ત્યારે બધી જ આંખ ભીની બની ગઈ. સંવેદનાત્મક કાર્યક્રમને પારિતોષિક પ્રોગ્રામ થયા હતા ને આ સમગ્ર આયોજન કર્તા શ્રી બગવાડા પરગણા જૈન સંઘને ટ્રસ્ટ મંડળ લાભાર્થી પરિવારના બહુમાન થયા હતા. બાળકોએ મેળવેલા જ્ઞાનની ક્વિઝ જ્યારે બાળકોના પધારેલા માતા-પિતા પરિવારે સાંભળી ત્યારે અવાક બની ગયા ને હવેથી આવા શિબિરના આયોજન થવા જ જોઈએ ના વિચારો વ્યક્ત કર્યા હતા. અનેક સંગીતકાર- સંવેદનકારને કલાકારો સાથે ગુરુભગવંતો એ આખા શિબિરને સંબોધી હતી.

આખું પરિસર આજે ભાવુ ભક્તો શ્રેષ્ઠિઓ ટ્રસ્ટીઓ વાલીઓ વેપારીઓથી ભરાઈ ગયું હતું. દેશના અનેક પ્રદેશથી બાળકો આવ્યા હતા. પાંચ પાંચ દિવસ સુધી બાળકોનું સુંદર ઘડતર કરવામાં આવ્યું છે. એ જનરલમાં અપાયેલો ઉપદેશ હવે પર્સનલ લાઈફમાં કન્વર્ટ કરવાની પ્રેરણા અપાય હતી.

સાથે કહ્યું.. પહેલા માણસ આદતને પાડે છે પછી આદત માણસને પાડે છે. જેણે તમારી સૌથી વધુ ચિંતા કરી છે ને કરે છે એને ચિંતા કરાવનારો કપૂત છે એમ જણાવી મા બાપના ભક્ત બનાવ્યા હતા. ખાવા- પીવા રહેવા આદિની તમામ સુંદર વ્યવસ્થા ઉભી કરાઈ હતી. પ્રાચીન જિનાલયને બગવાડાના બાદશાહ આદિનાથદાદાની ભવ્ય આંગી સ્પર્ધાને મેડીટેશન ના ક્લાસ થયા હતા. યાદગાર સૌ-થમ યોજાયેલ શિબિર ના ચારે તરફ અનુમોદના સૌના મુખે થઈ રહી છે અદભુત માહોલ સર્જાયો છે જબરજસ્ત સંસ્કરણ નો યજ્ઞ મંડાયો હતો. જૈનશાસનના રક્ષકોને ભાવિ સૂત્રધરો બની શકે એવી વાતો જ્ઞાનથી સૌને તૈયાર કરાયા હતા.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 15, May 2025


## પાકિસ્તાનનાં જૂઠ્ઠાણાં

ઓપેરશન સિંદૂર અંતર્ગત પાકિસ્તાનના આતંકી અડ્ડા નષ્ટ કરાય ાબાદ તેના કેટલાય મુખ્ય એરબેઝ ધ્વસ્ત કરવાની અભૂતપૂર્વ સૈનિક કાર્યવાહી વિશે આપણા શીર્ષ સૈન્ય અધિકારીઓએ સતત બે દિવસ સુધી જે કંઈ જણાવ્યું, ત્યારબાદ પાકિસ્તાન માટે મોં છૂપાવવવું અને વધારે કઠિન હશે. ઓપરેશન સિંદૂરની સફળતાને રેખાંકિત કરવી એટલા માટે જરૂરી હતું, કારણ કે પાકિસ્તાન હંમેશની જેમ એ જૂઠ્ઠાણું ફેલાવાની કોશિશમાં છે કે અમારું કોઈ વધારે નુક્સાન નથી થયું. તે આ જૂઠ્ઠાણાનો સહારો લેવામાં એટલા માટે ઉઘાડું પડી ગયું, કારણ કે એવા કોઈ પુરાવા ન આપી શક્યું કે તે પોતાનો બચાવ યોગ્ય રીતે કરી શક્યું. તેની સેનાએ જે કથિત પુરાવા આપવાની કોશિશ કરી, તે એટલા હાસ્યાસ્પદ છે કે તે ઉપહાસનું પાત્ર બની ગયું છે. પાકિસ્તાનને બેનકાબ કરવું એટલા માટે પણ જરૂરી હતું, કારણ કે કેટલાય આંતરરાષ્ટ્રીય મીડિયા માધ્યમ પણ સત્યથી મોં ફેરવી રહ્યા હતા. એમાં તો કોઈ શંકા નહીં કે ભારતે પાકિસ્તાનને પછાડી દીધું, પરંતુ એ પ્રશ્ન અનુત્તરિત છે કે શું તે સુધરશે? એ ઠીક છે કે બંને દેશોના સૈન્ય અભિયાન મહાનિર્દેશકો વચ્ચે વાતચીત થઈ અને તેમાં સીમા પર તણાવ ઘટાડવા અને ઉશ્કેરણીની કાર્યવાહી રોકવા પર સહમતિ બની, પરંતુ કમ સે કમ ભારત એના પર ભરોસો નથી કરી શકે.

ભૂતકાળમાં પાકિસ્તાને સીમા પર શાંતિ જાળવી રાખવા અને આતંકવાદથી અંતર રાખવાના પોતાના વાયદા એટલી વાર તોડ્યા છે કે એના પર આગળ ભરોસો કરવો ખતરાથી ખાલી નથી. તેનો પણ અંદેશો છે કે બંને દેશો વચ્ચે યુદ્ધ જેવા સૈન્ય ટકરાવ પર વિરામના અમેરિકી રાષ્ટ્રપતિના કથિત શ્રેયથી ઉત્સાહિત થઈને તે કાશ્મીરનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાની કોશિશ કરી શકે છે. તે એનાથી પણ પરેશાન છે કે સૈન્ય કાર્યવાહી અટકી ગઈ, પરંતુ તેના હાથમાં કશું ન આવ્યું અને ત્યાં સુધી કે ભારત એ નિર્ણયો પર વિચાર કરવા પણ તૈયાર નથી, જે પહેલગામની આતંકી ઘટના બાદ તેના વિરુદ્ધ લેવામાં આવ્યા. એમાં સૌથી કઠોર નિર્ણય છે સિંધુ જળ સંધિ સમજૂતી અટકાવી દેવી. ભલે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષે તેના પર કૃપા દેખાડી હોય, પરંતુ સિંધુ જળ સમજૂતી પર વિશ્વ બેંક કોઈ દખલ કરવા તૈયાર નથી. પાકિસ્તાન રાજકીય, આર્થિક અને હવે તો સૈન્ય મોરચે પણ સંકટમાં છે. આ સંકટમાંથી ઉગરાનો એક જ ઉપાય છે અને તે છે ભારત વિરુદ્ધ આતંકવાદનો ઉપયોગ બંધ કરવો. જ્યાં સુધી તે વાસ્તવમાં એવું નહીં કરે અને ખુદને વિશ્વસનીય નહીં બનાવે, ત્યાં સુધી તેના પ્રત્યે કોઈ પ્રકારની ઢીલ રાખવી ન જોઈએ. ભારતે ઓપરેશન સિંદૂરથી જે કંઈ મેળવ્યું છે, તેને સાચવીને રાખવા માટે પાકિસ્તાનથી સતર્ક રહેવું પડશે અને એના પર દબાણ બનાવી રાખવું પડશે.

## બુર્કીના ફાસોમાં 'જેહાદી' હુમલો, ૧૦૦થી વધુ વ્યક્તિઓનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
બામાકો/કવાગાડૌગોઉ, તા.૧૪

વિશ્વના વિવિધ દેશોમાં સતત આતંકી ઘટનાઓ સામે આવી રહી છે. હવે ઉત્તરી બુર્કિના ફાસોમાં મોટો આતંકી હુમલો થયો છે જેમાં ૧૦૦થી વધુ લોકોના મોત થવાની સંભાવના છે. સહાયતા કર્મી અને સ્થાનિકો દ્વારા આપવામાં આવેલી જાણકારી અનુસાર, માર્યા ગયેલા લોકોમાં મોટાભાગના સૈનિકો હતા. જિહાદી ગ્રુપે એક સૈન્ય અડ્ડા અને લાંબા સમયથી ઘેરાયેલા રણનીતિક શહેર જીબો સહિત કેટલીક જગ્યાને નિશાન બનાવી હતી. દેશનાં જીબો શહેર ઉપર તો આતંકીઓએ તો ઘણાંએ મહિનાઓથી ગજબનો સખત ઘેરો નાંખ્યો છે. મૂળ ળાંસના તાબામાં રહેલા તમામ સહરત સ્ટેટસમાં તેમજ સબ-સહરત સ્ટેટસમાં રોજેરોજ સૂરજ રક્ત-રંજિત જ ઊગે છે. બપોરે આગ ઝરતી ગરમી અને મોડી રાતો ટાઢીબોળ તે સહરન અને સબ સહરન સ્ટેટસની સહજ સ્થિતિ છે. વર્ષા ઋતુ જેવું કશું હોતું જ નથી. કોઈ કોઈ વાર માત્ર કોઈ કોઈમાં જ કન્ડકશન કરંટનો વરસાદ પડી જાય છે. બુર્કીના ફાસોમાં વિવિધ જાતિઓ વસે છે. આરબ અને હબસીઓની મિશ્ર પ્રજા તુરેઘનું ભાની હબસી પ્રજા ઉપર કઠોર વલણ છે. તેથી ત્યાં જાતિવાદી સંઘર્ષ સહજ છે. એક વિદ્યાર્થીએ કહ્યું હતું કે તેના પિતાની જેહાદીઓએ હત્યા કરી હતી. હુમલો અમે કર્યો છે, તેમ વટ મારતાં અલ કાયદાની શાખા સમાન હોવાનું પણ જાણવા મળ્યું છે. તેઓ ઔષધો અને ખાધા ખોરાકી પહોંચાડનાર જૂથ ઉપર પણ હુમલા કરી રહ્યાં છે. એક સહાય કાર્યકર ચાર્વિવેએ કહ્યું હતું કે આ હુમલો એટલો અત્યંત અને જબરજસ્ત હતો કે તેના સૈનિકો સહિત ૧૦૦થી વધુ લોકોના મોત થયાં હતા. અત્યારે દેશ પર મિલીટરી જુન્ટાનું શાસન છે. પરંતુ ઉત્તરનો વિસ્તાર તો જેહાદીઓના હાથમાં છે. તેમણે ત્યાં રાજ્ય જ સ્થાપી દીધું છે. તેનો ઉત્તરના શહેર જીબો પરનો ઘેરો મહિનાઓથી હઠાવી શકાયો નથી, તે આ જેહાદી જૂથની તાકાત દર્શાવે છે. તેમને શસ્ત્રો અને નાણાં કોણ આપે છે તે જાણી શકાતું નથી.

## ઈઝરાયલે ગાઝા પર હવાઈ હુમલા કર્યા, ૬૫ પેલેસ્ટિનિયનના મોત, અનેક ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈઝરાય,તા.૧૪ : ઈઝરાયલે મંગળવારની રાત્રે અને બુધવારે વહેલી સવારે ગાઝામાં તાબડતોડ હવાઈ હુમલા કર્યા છે. જેમાં ૬૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૨૨ બાળકો માર્યા ગયા છે. અમેરિકાની મધ્યસ્થીમાં હમાસ તરફથી એક ઈઝરાયલી-અમેરિકી બંધકને મુક્ત કરાવ્યાના એક દિવસ બાદ ઈઝરાયલે આ હુમલા કર્યા છે.

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ જણાવ્યું હતું કે, એવી કોઈ રીત નથી, જેનાથી ઈઝરાયલ ગાઝામાં પોતાનું યુદ્ધ રોકી શકે. આ નિવેદન સાથે બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. ઈઝરાયલની સેનાએ હુમલા અંગે ટીપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. ઈઝરાયલે ગઈકાલે મોડી રાત્રે જબલિયાના રહેવાસીઓને વિસ્તાર ખાલી કરવાની ચેતવણી આપી હતી. ત્યારબાદ હમાસના માળખાગત ઢાંચાને ટાર્ગેટ બનાવી હુમલાઓ શરૂ કર્યા હતાં.

રશિયા, ચીન અને યુકેએ ગાઝામાં સહાય વિતરણ માટે યુએસ-ઈઝરાયલની યોજનાને નકારી કાઢી છે, તેના બદલે ઈઝરાયલને ગાઝા પરનો બે મહિનાથી લાગુ નાકાબંધી હટાવવા અપીલ કરી છે. સાઉદી અરેબિયાની મુલાકાત લેવા જઈ રહેલા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેઓ ગાઝામાં સંઘર્ષને શક્ય તેટલી વહેલી તકે સમાપ્ત કરવા માટે કામ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ આ યુદ્ધને રોકવા માગતા નથી. તેઓ હમાસને ખતમ કરી દેવાનું નિવેદન આપી રહ્યા છે.

ગાઝાના આરોગ્ય મંત્રાલય અનુસાર, ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં ઓછામાં ઓછા ૫૨,૯૦૮ સ્થાનિકો માર્યા ગયા છે અને ૧૧૯,૭૨૧ ઘાયલ થયા છે. સરકારી મીડિયા ઓફિસે મૃત્યુઆંક ૬૧,૭૦૦ દર્શાવ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે, કાટમાળ નીચે ગુમ થયેલા હજારો લોકોને પણ મૃત જાહેર કરવામાં આવ્યા છે.

## ૬.૩ની તીવ્રતાવાળા ભૂકંપથી ૬ દેશોમાં નોંધાયા ભૂકંપના આંચકા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪

બુધવારે વહેલી સવારે ગ્રીસના ક્રીટ દ્વીપ પાસે જોરદાર ભૂકંપ નોંધાયો હતો, જેની અસર મિસ્રથી લઈને ઈઝરાયલ સુધી જોવા મળી હતી. ભૂકંપની તીવ્રતા ૬.૩ રિક્ટલ સ્કેલ નોંધાઈ છે. સ્થાનિક સમય મુજબ વહેલી સવારે આ ભૂકંપ આવ્યો હતો. ભૂકંપ એટલો જોરદાર હતો કે, લોકો ડરી ગયા હતાં અને ઘરની બહાર ભાગવા લાગ્યા હતાં. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીયોસાઈન્સ અનુસાર, ગ્રીસના ક્રીટ દ્વીપ પર બુધાવારે વહેલી સવારે ૬.૩ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપ ૮૩ કિલોમીટર ઊંડાણ પર આવ્યો હતો. અત્યાર સુધી ભૂકંપથી કોઈ મોટું નુકસાન અથવા જાનહાનિ નોંધાઈ નથી. સ્થાનિક વહીવટીતંત્ર અને સુરક્ષા દળ સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. આ સાથે જ લોકોને સાવધાન રહેવાની અપીલ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, ગ્રીસના આ ભૂકંપની અસર મિસ્ત્ર અને ઈઝરાયલ સુધી જોવા મળી હતી. યુનાઈટેડ સ્ટેટ્સ જીયોલોજિકલ સરવે અનુસાર, ભૂકંપ સ્થાનિક સમયાનુસાર ૧:૫૧ વાગ્યે આવ્યો હતો. જેના આંચકા મિસ્ત્રના કાહિરા સાથે-સાથે ઈઝરાયલ, લેબેનોન, તુર્કિયે અને જૉર્ડનમાં પણ અનુભવાયા હતાં.

## શ્રીનગરમાં ૧૧ સ્થળોએ દરોડા, ૧૫૦ લોકોને નિશાન બનાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ કશ્મીર,તા.૧૪:ભારતીય દળોએ પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લીધો છે. પાકિસ્તાન અને તેના આતંકવાદી સંગઠનો સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દરમિયાન, હવે જમ્મુ-કાશ્મીરમાં પોલીસે પણ પહેલગામ આતંકવાદી હુમલા બાદ આતંકવાદીઓ સામે મોટી કાર્યવાહી શરૂ કરી છે.

જમ્મુ અને કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં પોલીસે ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા છે. ચાલો જાણીએ કે આ પોલીસ ઓપરેશનનો હેતુ શું છે.

પહેલગામ હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં પોલીસે આતંકવાદીઓ સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલા પછી, ૧૫૦ આતંકવાદીઓ અથવા તેમના સહયોગીઓના ઘરોમાં દરોડા પાડવામાં આવ્યા છે. આતંકવાદી પ્રવૃત્તિઓને ટેકો આપતા માળખાને નાબૂદ કરવાના ઉદ્દેશ્યથી આ પોલીસ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત ઘણી જગ્યાએ દરોડાની કાર્યવાહી વધુ તીવ્ર બનાવવામાં આવી છે.

જમ્મુ અને કાશ્મીર પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી હેઠળ, પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોના આતંકવાદી સહયોગીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. UAPA કાયદા હેઠળ નોંધાયેલા કેસમાં પોલીસ દ્વારા તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. આ ક્રમમાં મંગળવારે ૧૧ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. જમ્મુ-કાશ્મીરના શોપિયામાં સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા છે. આ ત્રણેય આતંકવાદીઓ લશ્કર-તૈયબાના હતા. ભારતીય સેનાએ કહ્યું છે કે ઓપરેશન કેલર હેઠળ થયેલા એન્કાઉન્ટરમાં આતંકવાદી સંગઠનના ત્રણ સભ્યો માર્યા ગયા છે. રાષ્ટ્રીય રાઈફલ્સ યુનિટને શોપિયાંના શોકલ કેલરના સામાન્ય વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની માહિતી મળી હતી.

આ પછી, એન્કાઉન્ટરમાં ત્રણ હાર્ડકોર આતંકવાદીઓ માર્યા ગયા. હાલમાં ઓપરેશન ચાલી રહ્યું છે.

## ભારતમાં ચિપ આધારિત ઈ-પાસપોર્ટ થયો લોન્ચ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી,તા.૧૪ : કેન્દ્ર સરકારે એક હાઈ-ટેક પહેલ હેઠળ દેશભરમાં ચિપ-આધારિત ઈ-પાસપોર્ટસેવા શરૂ કરી છે. દેશમાં આ નવી સુવિધા શરૂ થવાથી વિદેશ પ્રવાસ કરતા ભારતીય નાગરિકોને ઘણા ફાયદા થશે, સાથે જ ઈમિગ્રેશન પ્રક્રિયા, સુરક્ષા અને સંપર્ક ટ્રેસિંગને પણ સરળ બનાવશે. દેશમાં આ નવી પહેલ શરૂ થવાથી, ભારત યુએસ, યુકે, ફ્રાન્સ, જાપાન અને કેનેડા જેવા ૧૨૦ દેશોમાં જોડાયું છે, જે પહેલાથી જ ઈ-પાસપોર્ટનો ઉપયોગ કરી રહ્યા છે.

ઈ-પાસપોર્ટ એક ઈલેક્ટ્રોનિક દસ્તાવેજ છે. તેની પાછળ એક RFID ચિપ અને એન્ટેના છે. આ ચિપ પાસપોર્ટ ધારકનું નામ, જન્મ તારીખ, પાસપોર્ટ નંબર, ચહેરો અને ફિંગરપ્રિન્ટ જેવી બાયોમેટ્રિક અને વ્યક્તિગત માહિતી સંગ્રહિત કરે છે. આ ડેટા આંતરરાષ્ટ્રીય સુરક્ષા નિયમો BAC, PA અને EAC મુજબ એક્રિપ્ટેડ છે.

ઈ-પાસપોર્ટસેવાનો પાયલોટ પ્રોજેક્ટ પ્રથમ તબક્કામાં નાગપુર, ભુવનેશ્વર, જમ્મુ, ગોવા, શિમલા, જયપુર, ચેન્નાઈ, હૈદરાબાદ, ગુજરાતના સુરત, રાયપુર, અમૃતસર, રાંચી, દિલ્હી જેવા શહેરોમાં લાગુ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે જૂન ૨૦૨૫ સુધીમાં સમગ્ર દેશમાં તેનો અમલ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ઈ-પાસપોર્ટ ઈમિગ્રેશન પ્રક્રિયાને સરળ અને આધુનિક બનાવશે. મુસાફરો હવે ઓટોમેટેડ અને કોન્ટેક્ટલેસ પ્રક્રિયાઓ દ્વારા ઈ-ગેટ દ્વારા પ્રવેશ કરી શકશે. આ નવી સુવિધા રાહ જોવા સહિતની ઘણી મુશ્કેલીઓ દૂર કરશે અને મુસાફરો સરળતાથી અને આરામથી મુસાફરી કરી શકશે.

ઈ-પાસપોર્ટ મેળવવા માંગતા નાગરિકો પાસપોર્ટ સેવા પોર્ટલ પર અરજી કરી શકે છે. તેમણે નજીકના પાસપોર્ટ સેવા કેન્દ્ર અથવા પોસ્ટ ઓફિસ પાસપોર્ટ કેન્દ્રની મુલાકાત લેવી પડશે અને બાયોમેટ્રિક માહિતી આપવી પડશે. નજીકના ભવિષ્યમાં ઈ-પાસપોર્ટમાં ડિજિટલ વિઝા, મોબાઈલ પાસપોર્ટ વોલેટ, આધાર અને ડિજીલોકર ઈન્ટીગ્રેશન જેવી સુવિધાઓ ઉમેરી શકાય છે. આ સુવિધા પ્રવાસીઓની મુસાફરીને સંપૂર્ણપણે ડિજિટલ અને પેપરલેસ બનાવશે.

## પાકિસ્તાને ભારતના બીએસએફ જવાન પૂર્ણમ કુમારને પરત સોંપ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી,તા.૧૪ : પાકિસ્તાને ભારતના બીએસએફ જવાન પૂર્ણમ કુમાર ને પરત સોંપ્યા છે. પાકિસ્તાની સેનાએ અટારી વાઘા બોર્ડરના માર્ગે ભારત-પાકિસ્તાન તણાવ દરમિયાન અટકાયત કરાયેલા બીએસએફ જવાનને પરત ભારતને સોંપ્યા છે. તે છેલ્લા ૨૦ દિવસથી પાકિસ્તાનના કબજામાં હતાં. પહલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી હતી. તે સમયે ૨૩ એપ્રિલના રોજ બીએસએફ કોન્સ્ટેબલ પૂર્ણમ કુમાર ભૂલથી આંતરરાષ્ટ્રીય સરહદ ક્રોસ કરી પાકિસ્તાન પહોંચી ગયા હતા. જ્યાં પાકિસ્તાની સેનાએ અટકાયત કરી હતી. પંજાબના ફિરોજપુર સેક્ટરમાં તૈનાત પૂર્ણમની અટકાયત થતાં આર્મી અને પરિવારની ચિંતા વધી હતી. પૂર્ણમ કુમારની પત્ની રજનીને આશા હતી કે, ડીજીએમઓની વાતચીતમાં પૂર્ણમ કુમારનો મુદ્દો ઉઠાવવામાં આવશે. તેણે જણાવ્યું કે, ભારતીય સેનાએ ૩ મેના રોજ એક પાકિસ્તાની સેનાના જવાનની રાજસ્થાનમાંથી અટકાયત કરી હતી. ત્યારે લાગ્યું હતું કે, કદાચ મારા પતિને મુક્ત કરાશે. પરંતુ એમ ન બન્યું. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ફોન કરી સંભવિત તમામ મદદ કરવાની ખાતરી આપી હતી.

## કુર્રાગુટ્ટાલુ ટેકરી પર સુરક્ષા દળોએ ૩૧ કુખ્યાત નક્સલીઓને ઠાર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
છત્તીસગઢ ,તા.૧૪ : નક્સલવાદ વિરુદ્ધ અત્યાર સુધીના સૌથી મોટા ઓપરેશનમાં, છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કુર્રાગુટ્ટાલુ હિલ્સ પર ૩૧ કુખ્યાત નક્સલીઓને મારી નાખવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતે ટ્વીટ દ્વારા આ માહિતી આપી છે. તમને જણાવી દઈએ કે આ દિવસોમાં સુરક્ષા દળોએ નક્સલ મુક્ત ભારત હેઠળ નક્સલવાદીઓને ખતમ કરવાના અભિયાનને વધુ તીવ્ર બનાવ્યું છે.

ગૃહમંત્રી અમિત શાહે પોતાના ટ્વીટમાં લખ્યું છે કે નક્સલ મુક્ત ભારતના સંકલ્પમાં ઐતિહાસિક સફળતા પ્રાપ્ત કરતા, સુરક્ષા દળોએ નક્સલવાદ વિરુદ્ધ અત્યાર સુધીના સૌથી મોટા ઓપરેશનમાં છત્તીસગઢ-તેલંગાણા સરહદના કુર્રાગુટ્ટાલુ હિલ્સ માં છુપાયેલા ૩૧ કુખ્યાત નક્સલીઓને ઠાર માર્યા છે. જે પર્વત પર એક સમયે લાલ આતંકવાદનું શાસન હતું, ત્યાં આજે ત્રિરંગો ગર્વથી લહેરાતો હોય છે.

વધુમાં, ગૃહમંત્રીએ ટ્વીટમાં લખ્યું કે કુર્રાગુટ્ટાલુ ટેકરી એ PLGA બટાલિયન ૧, DKSZC, TSC અને CRC જેવા મુખ્ય નક્સલી સંગઠનોનું એકીકૃત મુખ્યાલય હતું, જ્યાં નક્સલી તાલીમ તેમજ વ્યૂહરચના અને શસ્ત્રો બનાવવામાં આવતા હતા. આ સૌથી મોટું નક્સલ વિરોધી ઓપરેશન આપણા સુરક્ષા દળો દ્વારા માત્ર ૨૧ દિવસમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું અને મને ખૂબ જ આનંદ છે કે આ ઓપરેશનમાં સુરક્ષા દળોમાં એક પણ જાનહાનિ થઈ નથી. ખરાબ હવામાન અને દુર્ગમ પર્વતીય પ્રદેશમાં પણ બહાદુરી અને હિંમતથી નક્સલવાદીઓનો સામનો કરનારા આપણા CRPF, STF અને DRG સૈનિકોને હું અભિનંદન આપું છું. આખા દેશને તમારા પર ગર્વ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, અમે નક્સલવાદને તેના મૂળમાંથી નાબૂદ કરવા માટે કટિબદ્ધ છીએ. હું ફરી એકવાર દેશવાસીઓને ખાતરી આપું છું કે ભારત ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલ મુક્ત થઈ જશે.

દરમિયાન, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના ડિરેક્ટર જનરલ જી.પી. સિંહે બુધવારે પણ જણાવ્યું હતું કે સુરક્ષા દળો ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને નાબૂદ કરવા માટે "અવિરત અને નિર્દય" અભિયાન ચલાવી રહ્યા છે.

જી.પી. સિંહે જણાવ્યું હતું કે ૨૦૧૪ માં શરૂ થયેલ નક્સલ વિરોધી કાર્યવાહી ૨૦૧૯ થી વધુ તીવ્ર અને કેન્દ્રિત બની છે, જેમાં કેન્દ્રીય અર્ધલશ્કરી દળો નક્સલવાદને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધતા સાથે રાજ્ય પોલીસ સાથે "ખભા મિલાવીને" કામ કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે ૨૦૧૪ માં સૌથી વધુ નક્સલ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ૩૫ હતી, જે ૨૦૨૫ સુધીમાં ઘટીને ૬ થઈ ગઈ છે, જ્યારે આ સમયગાળા દરમિયાન નક્સલ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ૧૨૬ થી ઘટીને ૧૮ થઈ ગઈ છે.

## ઉત્તરપ્રદેશ સરકારે આઠ વર્ષમાં ૨૩૦ ખૂંખાર ગુનેગારોનો ખાત્મો બોલાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
લખનઉ, તા.૧૪

ઉત્તરપ્રદેશ સરકારે સંગઠિત ગુનાઓના નેટવર્કને ખતમ કરી દીધું છે. છેલ્લા આઠ વર્ષમાં ૨૩૦ ખૂંખાર ગુનેગારોના પ્રભાવને ખતમ કરી નાંખવામાં આવ્યો છે અને આતંકવાદી સ્લીપર સેલને રાજ્યભરમાંથી નાબૂદ કરાયા છે, તેમ સોમવારે યુપી સરકારે એક નિવેદનમાં જણાવ્યું છે. સરકારે શૂન્ય-સહિષ્ણુતા દૃષ્ટિકોણ અપનાવ્યો, બહુઆયામી રણનીતિની સાથે આતંકવાદી નેટવર્ક, તેના ફંડિંગ, ધાર્મિક ઉગ્રવાદ, બોગસ દસ્તાવેજો અને વિદેશ ઘુસણખોરીને ટાર્ગેટ કરી છે. ઉત્તરપ્રદેશ સરકારે એક નિવેદનમાં કહ્યું છે કે ૨૦૧૭થી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં-રાજ્ય આતંકવાદીઓ માટે દુર્ગમ થઈ ગયું છે. જેમાં ૨૩૦ ખૂંખાર ગુનેગારોનો પ્રભાવ ખતમ કરવામાં આવ્યો છે. આતંકવાદીઓના ૧૪૨ સ્લીપર સેલને નષ્ટ કરવામાં આવ્યા છે. જેમાં ૧૩૧ સક્રિય મોડ્યુલ સામેલ છે જે આતંકવાદી ગતિવિધિમાં સામેલ ગુનેગારોને આશ્રય આપતા હતા અને ગુપ્ત માહિતી લીક કરતા હતા. તેમજ ૧૧ ફન્ડિંગ નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, જેમાં એક આતંકવાદી એન્કાઉન્ટરમાં ઠાર થયો છે. ઉત્તરપ્રદેશ એટીએસના આઠ વર્ષના અભિયાનમાં આઈએસઆઈએસ, એક્યુઆઈએસ, જેએમબી, એબીટી, લશ્કર, જૈશ, એચએમ, આઈએમ-સિમી, નક્સલી, પીએફઆઈ અને આઈએસઆઈ સહિત વૈશ્વિક તથા સ્થાનિક આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા સ્લીપર મોડ્યુલને સફળતાપૂર્વક પ્રભાવહિન કરી દેવામાં આવ્યા છે. આ દરમિયાન, એટીએસ એ ધર્માંતરણ પ્રવૃતિના ષડયંત્રનો પણ પર્દાફાશ કર્યો છે. એટીએસ એ અયોધ્યામાં રામમંદિરના નિર્માણની આસપાસ વિનાશકારી ઘટનાઓ માટે ષડયંત્ર રચનાર સહિત ધાર્મિક અશાંતિ ભડકાવનાર તત્વો પર સકંજો કસ્યો છે.

## રાજનાથ સિંહ ભૂજ એરબેસની મુલાકાતે

(સંપૂર્ણ સમાચાર સેવા)
ભૂજ,તા.૧૪ : ભારતમાં યુદ્ધ વિરામ બાદ સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. ભારતીય સેનાએ પાકિસ્તાનના નાપાક ઈરાદાઓને નિષ્ફળ બનાવ્યા છે. આજે રાષ્ટ્રપતિભવન ખાતે સેનાના ત્રણેય વડા અને સીડીએસએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી. દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઓપરેશન સિંદૂર અને ભારતીય સેનાની પ્રશંસા કરી. મળતી માહિતી મુજબ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ ગુજરાતની મુલાકાત લેશે.

ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ શુક્રવારે ભૂજ એરબેઝની મુલાકાત લેશે. રાજનાથ સિંહનો આ પ્રવાસ બે દિવસ એટલે કે શુક્રવાર અને શનિવારનો રહેશે.

## જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં સુરક્ષા દળોએ જીવંત બોમ્બનો નાશ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ,તા.૧૪ : જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં સુરક્ષા દળોએ એક જીવંત શેલનો નાશ કર્યો. માહિતી અનુસાર, આ જીવંત શેલ થોડા દિવસો પહેલા રાજૌરી જિલ્લાના નૌશેરામાં મળી આવ્યો હતો. જ્યારે તેનો નાશ કરવામાં આવ્યો, ત્યારે એક જોરદાર વિસ્ફોટ થયો અને ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા.

અહેવાલ મુજબ, જમ્મુ ક્ષેત્રના રાજૌરી જિલ્લાના બિન-લશ્કરી વિસ્તારોમાં ઘણા વણવિસ્ફોટાયેલા શેલ મળી આવ્યા છે. આ બોમ્બ પાકિસ્તાનના એ દાવાને ખોટો સાબિત કરે છે કે કોઈ રહેણાંક વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યો ન હતો. ભારત દ્વારા 'ઓપરેશન સિંદૂર' પછી તરત જ પાકિસ્તાન તરફથી ગોળીબારની ઘટના બની હતી. ભારતે ૨૨ એપ્રિલે પહેલગામ હુમલાનો બદલો લેવા માટે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર માં નવ આતંકવાદી છાવણીઓ પર હુમલો કર્યો હતો.

આ પહેલા પહેલગામ હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા. પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર ભારતીય સેનાના હુમલા બાદ નાગરિક વિસ્તારોમાં ભારે બોમ્બમારો થયો હતો. ગોળીબાર પછીની કાર્યવાહીમાં સામેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે જમીન પર ઉપલબ્ધ પુરાવા એ દાવાની વિરુદ્ધ છે કે પાકિસ્તાન દ્વારા ફક્ત લશ્કરી સ્થાપનો પર જ હુમલો કરવામાં આવ્યો હતો. "જેમ તમે મીડિયામાં જોયું હશે, પાકિસ્તાન વારંવાર દાવો કરે છે કે તેણે ફક્ત લશ્કરી સ્થાપનોને જ નિશાન બનાવ્યા છે," આ વિસ્તારને ડિ-વિસ્ફોટ કરવાના ઓપરેશનનું નેતૃત્વ કરી રહેલા એક લશ્કરી અધિકારીએ જણાવ્યું.

## પાકિસ્તાને અત્યાર સુધી મોદીનું ઘર કેમ ના ઉડાવ્યું? : નવાઝ

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેંગલુરુ,તા.૧૪ : ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે બેંગલુરુ પોલીસે નવાઝ નામના યુવકની ધરપકડ કરી છે, જેણે સોશિયલ મીડિયા પર ભડકાઉ વીડિયો પોસ્ટ કર્યો હતો. આરોપીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં તેણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઘર પર બોમ્બ ફેંકવાની વાત કરી હતી. વીડિયો વાયરલ થયા બાદ મામલો વધુ ગરમાયો. પોલીસે જણાવ્યું હતું કે વીડિયોમાં નવાઝ પૂછતા જોવા મળ્યા હતા કે "પાકિસ્તાને હજુ સુધી વડા પ્રધાનના ઘર પર બોમ્બ કેમ નથી ફેંક્યા?"

આ વીડિયોને ભડકાઉ અને રાષ્ટ્રવિરોધી ગણાવતા, પોલીસે તાત્કાલિક કેસ નોંધ્યો અને ટેકનિકલ દેખરેખ પછી, બેંગલુરુના બાંદેપાલ્યા વિસ્તારમાં એક પીજીમાંથી આરોપીની ધરપકડ કરી. ઉલ્લેખનીય છે કે નવાઝ મૂળ ઈલેક્ટ્રોનિક સિટીનો રહેવાસી છે અને વ્યવસાયે કમ્પ્યુટર મિકેનિક છે. ધરપકડ બાદ, તેમને પરપ્પાના અગ્રહારા સેન્ટ્રલ જેલમાં ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન, પોલીસને જાણવા મળ્યું કે નવાઝ સામે ટુમકુર જિલ્લામાં NDPS (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ) એક્ટ હેઠળ પહેલાથી જ કેસ ચાલી રહ્યો છે. પોલીસ હવે એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેણે આવો વીડિયો કેમ પોસ્ટ કર્યો અને શું તેની પાછળ કોઈ ઊંડું કાવતરું છે.

સંયુક્ત પોલીસ કમિશનર રમેશ બાનોટે જણાવ્યું હતું કે, "તેણે વડા પ્રધાન વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી, જેમાં કહ્યું હતું કે કંઈ કરવામાં આવ્યું નથી અને તેમના ઘર પર બોમ્બ ફેંકી દેવા જોઈએ. તેની ધરપકડ કરીને તેણે કોર્ટમાં રજૂ કરવામાં આવશે."

આ મામલો એવા સમયે પ્રકાશમાં આવ્યો છે જ્યારે થોડા અઠવાડિયા પહેલા જ કર્ણાટકના મેંગલુરુમાં 'નિચ્ચુ મેંગલુરુ' નામના ફેસબુક યુઝર વિરુદ્ધ કેસ નોંધવામાં આવી હતી. તેમના પર ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને યોગ્ય ઠેરવવાનો આરોપ હતો. ઉલ્લાલના રહેવાસીની ફરિયાદના આધારે ૨૫ એપ્રિલે દક્ષિણ કન્નડ જિલ્લા પોલીસે આ કેસ નોંધ્યો હતો.

# ગુજરાત પોલીસની સજ્જતાને વધુ વેગ આપવા મુખ્યમંત્રીના હસ્તે I-PRAGATI પોર્ટલ લોન્ચ

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૧૪ :** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને કન્વિક્શન માટે સમયાનુકૂળ બદલાવો લાવીને સ્ટ્રીટ સ્પેસથી લઈને સાયબર સ્પેસ સુધી ગુનાખોરી ડામવા માટેની ગુજરાત પોલીસની સજ્જતાને વધુ વેગ આપતાં બે પોર્ટલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં લોન્ચ કર્યા હતા. મુખ્યમંત્રીએ સિટીઝન સેન્ટ્રિક સર્વિસીસથી સરકારી કચેરીઓમાં લોકોની વિશ્વસનિયતા વધે અને ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેવા આશયથી આ પોર્ટલ લોન્ચ કર્યા હતા. આ પોર્ટલ લોન્ચ થવાના પરિણામે સામાન્ય નાગરિકોને પોલીસ સ્ટેશન જવામાંથી રાહત આપતી ઓનલાઇન સુવિધાઓ ઈઝ ઓફ ગવર્નન્સના અંતર્ગત મળતી થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાયબર ક્રાઈમ રિફંડ પોર્ટલ તેરા તુઝકો અર્પણ નો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. એટલું જ નહીં, નાણાંકીય સાયબર ક્રાઈમને લગતી ફરિયાદોના આધારે ફ્રિઝ થયેલા બેંક ખાતાને પુનઃ કાર્યરત અનફ્રિઝ કરાવવા માટેની ઓનલાઇન એપ્લિકેશન અને પોલીસમાં FIR દાખલ કરનાર ફરિયાદીને તપાસની પ્રગતિથી અપડેટ રાખતા I-PRAGATI પોર્ટલ પણ તેમણે લોન્ચ કર્યા હતા.

**i-PRAGATIપોર્ટલ**

ઈ-ગુજકોપમાં તપાસના દરેક તબક્કે ફોર્મ ભરવાનું થતું હોય છે તેમાં FIR દાખલ કરતી વખતે, પંચનામું કરતી વખતે, આરોપીને અટક કરતી વખતે અને કેસની ચાર્જશીટ કરતી વખતે અલગ-અલગ ફોમર્સનો સમાવેશ થાય છે.હવે સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો(એસ.સી.આર.બી.) તરફથી ઈ-ગુજકોપમાં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે, આ ચારે તબક્કાની કામગીરી જયારે પણ પૂર્ણ થાય ત્યારે દાખલ થયેલી જત્થ્ના ફરીયાદીને સિસ્ટમ જનરેટેડ એસ.એમ.એસ. મળી જાય છે. આથી ફરીયાદી તપાસની -ગતિથી સંપૂર્ણપણે વાકેફ રહે છે.આ સિસ્ટમ I-PRAGATI એટલે કે, ઈન્વેસ્ટિગેશન પ્રોગ્રેસ રિપોર્ટ થ્રુ ઓટોમેટીકલી જનરેટેડ એક્યુરેટ એન્ડ ટાઈમલી ઈન્ફોર્મેશનનો પાયલેટ પ્રોજેકટ સફળતાપૂર્વક પૂર્ણ કરીને હવે તેનો રાજ્યવ્યાપી -રંભ મુખ્યમંત્રીના હસ્તે થયો છે.રાજ્યની વહિવટી કાર્ય સંસ્કૃતિમાં ગુડ ગવર્નન્સ, ટ્રાન્સપેરન્સી અને લેસ હ્યુમન ઈન્ટરફીયરન્સનો જે ધ્યેય રાખ્યો છે તે આ પોર્ટલ દ્વારા ગૃહ વિભાગ સાકાર કરશે.

**સાયબર ક્રાઈમ રિફંડ પોર્ટલ તેરા તુઝકો અર્પણ**

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમીત શાહે તા.૦૩/૧૦/૨૦૨૪ના રોજ ક્તેરા તુઝકો અર્પણક્ષ પોર્ટલનુ અમદાવાદ શહેર ખાતે અનાવરણ કર્યુ હતું. સાયબર ક્રાઈમના ભોગ બનેલા નાગરીકોએ ગુમાવેલા નાણાંને લોક અદાલત દ્વારા પરત અપાવવાની કામગીરી વધુ ઝડપી બને તેવા ઉદ્દેશ્યથી આ પોર્ટલ સાયબર ક્રાઈમ અમદાવાદ શહેર દ્વારા બનાવવામાં આવેલું છે. આ પોર્ટલથી નાગરિકોને અને પોલીસ સ્ટેશન બન્નેને ફાયદો થાય છે.






## CHANGE OF NAME

OLD NAME IS SHIR EMANUEL N. FONSECA & DADDY OLD NAME IS NARCISIO FONSECA WHERE ELSE NEW NAME IS EMANUEL NARCISO DE FONSECA & DADDY NEW NAME IS JULIO JOSE DE FONSECA

## CHANGE OF NAME

OLD NAME - IRFAN KADIR SHAIKH NEW NAME - IRFAN ABDULKADIR SHAIKH ADDRESS -FLAT NO,102 B, BLOCH COMPLEX MUKTA HOSPITAL ROAD SILVASSA, DADRA & NAGAR HAVELI

## જાહેર નોટીસનો જાહેર જવાબ

આથી જાહેર જનતાને જાણ કરવાની કે, હમો નીચે સહી કરનાર શ્રી ગિરિરાજસિંહજી હિંમતસિંહજી જાડેજા, મુ. ૧૦૨, શાંતિ કોમ્પ્લેક્સ, ને.હા.નં.૮, વાપી, તા. વાપી, જી.વલસાડનાઓ જાહેર જનતાને તારીખ ૦૯/૦૫/૨૦૨૫ના રોજ દિવ્ય ભાસ્કર ન્યુઝ પેપરના પેજ નં.૩ ઉપર એડવોકેટ શ્રીમતી ભારતીબેન ડી. ચૌહાણ મારફત (૧) રીતેશભાઈ ભગવાનજી માહ્યાવંશી તથા (૨) રાધાબેન તે ભગવાનજી ઉર્ફે ભગુભાઈ માહ્યાવંશીની પત્ની તરફે નોટિસ આપી નીચે જણાવેલ મિલકતમાંથી (૧) રીતેશભાઈ ભગવાનજી માહ્યાવંશી તથા (૨) રાધાબેન તે ભગવાનજી ઉર્ફે ભગુભાઈ માહ્યાવંશીની પત્નીના હમો કુલમુખત્યાર શ્રી ગિરિરાજસિંહજી હિંમતસિંહજી જાડેજા નાઓને કુલમુખ્યારનામું રદ કરેલ હોવાની નોટિસ આપેલ હતી જે નોટીસના અનુસંધાનમાં હમો નીચે સહી કરનાર શ્રી ગિરિરાજસિંહજી હિંમતસિંહજી જાડેજા જણાવીએ છીએ કે હમો (૧) રીતેશભાઈ ભગવાનજી માહ્યાવંશી તથા (૨) રાધાબેન તે ભગવાનજી ઉર્ફે ભગુભાઈ માહ્યાવંશીની પત્નીના કુલમુખત્યાર છીએ અને તેઓ તરફથી હમોને મળેલ પાવર ઓફ એટર્ની મહેરબાન વાપીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં નોંધાયેલ છે. અને હાલ પણ ચાલુ છે. અને હમો તથા નીચે વર્ણવેલ મિલકત ખરીદનાર વચ્ચે હાલ કોઈ સમાધાન થયેલ નથી અને સદર પાવર ઓફ એટર્ની પણ કાયદેસર રીતે રદ કરાવેલ નથી જેથી હમો સદર જમીનના કાયદેસરના માલિક છીએ અને (૧) રીતેશભાઈ ભગવાનજી માહ્યાવંશી તથા (૨) રાધાબેન તે ભગવાનજી ઉર્ફે ભગુભાઈ માહ્યાવંશીની પત્ની નાઓના હાલે પણ કુલમુખત્યાર તરીકે ચાલુ છીએ. જેથી સદર મિલકત વહેચવા માટે હમારી પરવાનગી જરૂરી બને છે હમારી પરવાનગી વગર સદર મિલકત વહેચશે તો કાયદેસરની કાર્યવાહી કરવા હમો હક્કદાર છીએ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

| જુનો સર્વે નં. | નવો સર્વે નં. | હે.આરે.ચો.મી. | આકાર |
|---|---|---|---|
| ૪૨૭/પૈકી ૧ | ૧૫૨૧ | ૦-૩૬-૩૭ | ૦.૫૫ |
| ૪૨૭/પૈકી ૧ | ૧૫૨૬ | ૧-૪૩-૨૫ | ૨.૧૨ |
| ૪૨૮ | ૧૫૨૭ | ૦-૩૩-૫૨ | ૫.૦૦ |
| ૪૨૫ | ૧૫૩૦ | ૦-૫૨-૬૬ | ૦.૫૦ |
| ૪૨૩ | ૧૫૩૨ | ૦-૬૭-૩૯ | ૦.૭૫ |
| | કુલ્લે | ૩-૩૩-૧૯ | |

સ્થળ : વાપી
તારીખ : ૧૪/૦૫/૨૦૨૫
મારફત
સહી/-
કેતુલ બી. ઉપાધ્યાય એડવોકેટ
ઓફિસ નં. ૧૦૭, ભવ્ય આર્કેડ, આયુષ હોસ્પિટલની બાજુમાં, વાપી, તા.વાપી, જી.વલસાડ
મો.૮૭૫૮૫૭૮૯૨૩

લી.
સહી/-
શ્રી ગિરિરાજસિંહજી હિંમતસિંહજી જાડેજા

## એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૨૭/૨૦૨૫

**અરજદાર : સતીશભાઈ ભગુભાઈ હળપતી,**
**રહે.** ખડકલા નામધા રોડ વાપી, તા.વાપી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : ચીફ ઓફિસરશ્રી અને જન્મ અને મરણ નોંધણી અધિકારીશ્રી વાપી મહાનગરપાલિકા, તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ-૧૩ (૧૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સતીશભાઈ ભગુભાઈ હળપતી** રહે. ખડકલા નામધા રોડ વાપી, તા.વાપી, જી.વલસાડનાઓએ તેમના માતા **સ્વ. મંજુલાબેન ભગુભાઈ હળપતી**નું મરણ તા.૦૫/૦૮/૧૯૯૭ના રોજ મોજે વાપી તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/રજી૨૭/વશીપ૫૮/૨૦૨૫**
**એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા, તા.વાપી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વાપી (શહેર)**

## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૪૫૯/૨૦૨૪

**અરજદાર :-** **ઠાકોરભાઈ કેશવભાઈ પટેલ**
રહે. મોટા ફળિયા મોતીવાડા તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી મોતીવાડા
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઠાકોરભાઈ કેશવભાઈ પટેલ**, રહે. મોટા ફળિયા મોતીવાડા તા.પારડી જી.વલસાડનાએ તેઓના દાદા **ઢેડકાભાઈ નરસંઈભાઈ પટેલ**નું મરણ તા.૧૧/૦૬/૧૯૬૬ ના રોજ મોજે- મોતીવાડા તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૪૫૯-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ પારડી**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૬૭૯/૨૦૨૪

**અરજદાર : કાંતિલાલ સોમાભાઈ ટંડેલ**
**રહે.** ૬૦૩, સમય કોમ્પલેક્ષ, સાગર કોમ્પલેક્ષ સામે, આનંદ મહલ રોડ, નવયુગ કોલેજ પાસે, સુરત સીટી, સુરત

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મોટી દાંતી તા.જી.વલસાડ**
**તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કાંતિલાલ સોમાભાઈ ટંડેલ** રહે.૬૦૩, સમય કોમ્પલેક્ષ, સાગર કોમ્પલેક્ષ સામે, આનંદ મહલ રોડ, નવયુગ કોલેજ પાસે, સુરત સીટી, સુરતએ તેમના પોતે **કાંતિલાલ સોમાભાઈ ટંડેલ**નો જન્મ તા.૦૫/૦૪/૧૯૭૧ના રોજ મોજે મોટી દાંતી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૬૭૯/૨૦૨૪**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૪૫૮/૨૦૨૪

**અરજદાર :-** **ઠાકોરભાઈ કેશવભાઈ પટેલ**
રહે. મોટા ફળિયા મોતીવાડા તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી મોતીવાડા
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઠાકોરભાઈ કેશવભાઈ પટેલ**, રહે. મોટા ફળિયા મોતીવાડા તા.પારડી જી.વલસાડનાએ તેઓના દાદી **નાનીબેન ઢેડકાભાઈ પટેલ**નું મરણ તા.૧૦/૦૮/૧૯૯૮ ના રોજ મોજે- મોતીવાડા તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૪૫૮-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ પારડી**

## torrent POWER DNHDD — જાહેર નોટિસ

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના વીજ પુરવઠાનું વહન કરતી વિવિધ ઓવર હેડ લાઈન (એલ.ટી. તથા એચ.ટી.)ની સાથે અથવા વીજ પોલના માધ્યમથી ઘણી જગ્યા એ ગેરકાયદેસર રીતે INTERNET, CABLE TV, FIBER OPTIC અને અન્ય લાઈનના કેબલોનું નેટવર્ક હોવાનું માલુમ પડ્યું છે. આવું વીજ લાઈન સિવાયનું અન્ય નેટવર્ક દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના વીજ વહન કરતા ઈલેક્ટ્રિક નેટવર્ક સાથે હોવું અત્યંત જોખમી છે જે મોટા વીજ અકસ્માતનું કારણ બની શકે છે. જે કોઈ સંસ્થાનું કે વ્યક્તિગત ઉપર જણાવેલ કેબલ નેટવર્ક હોય તો તાત્કાલિક ધોરણે તેને વીજ પોલ ઉપર થી દૂર કરવા વિનંતી કરીએ છીએ. ઉપરોક્ત નેટવર્કને દૂર કરતા પહેલા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના કસ્ટમર કેર નંબર 9099991912, 1800-233-9500, 19126, 1800-270-5551 ઉપર જાણ કરવા વિનંતી જેથી સલામત રીતે વીજ પોલ ઉપરથી આવા નેટવર્કને દૂર કરી શકાય. દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડની વીજ લાઈન ઉપરના ગેરકાયદેસર રીતે INTERNET, CABLE TV, FIBER OPTIC કે અન્ય લાઈનના કેબલોને લીધે કોઈ અકસ્માત કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કેબલ / નેટવર્ક ધારકની રહેશે.

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૭૯/૨૦૨૪**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૭/૦૪/૨૦૨૫**

**વાદી : શ્રી જીતુભાઈ ગોપાળભાઈ રાઠોડ,**
**રહે.** હોન્ડ, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, હોન્ડ, તા.ગણદેવી જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જીતુભાઈ ગોપાળભાઈ રાઠોડ**, રહે. હોન્ડ, તા.ચીખલી જી.નવસારીનાઓએ તેઓના પુત્રી નેહાબેન જીતુભાઈ રાઠોડ જન્મ તા.૨૮/૦૧/૨૦૧૨ના રોજ મોજે. હોન્ડ, તા. ચીખલી જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી**

## નિલકમલ લિમિટેડ

Nilkamal®

CIN : L25209DN1985PLC000162

રજી ઓફીસ: સર્વે નં. ૩૫૪/૨ અને ૩૫૪/૩, રાખોલી બ્રીજ પાસે, સિલ્વાસા-ખાનવેલ રોડ, વસોના ગામ, સિલ્વાસા – ૩૯૬૨૩૦ (કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ)
વેબસાઇટ : www.nilkamal.com • ઈ-મેલ : investor@nilkamal.com

**૩૧ માર્ચ, ૨૦૨૫ ના અંતે પૂરા થતા ત્રિમાસિક અને વાર્ષિક ઓડીટેડ નાણાકીય પરિણામો**

(₹ લાખમાં)

| ક્રમ નં. | વિગત | સ્ટેન્ડલોન | | | એકીકૃત | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ચાલુ ત્રિમાસિક સમયગાળો ૩૧/૦૩/૨૦૨૫ | ગત વર્ષના ત્રિમાસિક અંત સમયગાળો ૩૧/૦૩/૨૦૨૪ | ચાલુ વર્ષના અંત સમયગાળો ૩૧/૦૩/૨૦૨૫ | ચાલુ ત્રિમાસિક સમયગાળો ૩૧/૦૩/૨૦૨૫ | ગત વર્ષના ત્રિમાસિક અંત સમયગાળો ૩૧/૦૩/૨૦૨૪ | ચાલુ વર્ષના અંત સમયગાળો ૩૧/૦૩/૨૦૨૫ |
| | | ઓડીટેડ (નોંધ નં ૩ સંદર્ભમા) | ઓડીટેડ (નોંધ નં ૩ સંદર્ભમા) | ઓડીટેડ | ઓડીટેડ (નોંધ નં ૩ સંદર્ભમા) | ઓડીટેડ (નોંધ નં ૩ સંદર્ભમા) | ઓડીટેડ |
| ૧ | કુલ આવક | ૮૭,૬૫૮.૭૬ | ૮૨,૦૫૩.૬૬ | ૩,૨૩,૯૩૧.૭૯ | ૮૯,૪૦૦.૯૮ | ૮૩,૪૧૯.૨૬ | ૩,૩૧,૨૭૪.૦૬ |
| ૨ | કરવેરા પૂર્વે ચોખ્ખો નફો, અપવાદરૂપ આઇટમ અને અસાધારણ આઇટમો પૂર્વે | ૪,૫૫૭.૨૮ | ૪,૭૦૭.૩૬ | ૧૨,૦૯૫.૨૯ | ૪,૫૦૫.૮૨ | ૪,૫૯૩.૬૪ | ૧૩,૩૧૪.૫૫ |
| ૩ | કરવેરા પૂર્વે ચોખ્ખો નફો, અપવાદરૂપ આઇટમ અને અસાધારણ આઇટમો અને જોઇંટ વેન્ચર ના ભાગ પછી | ૪,૫૫૭.૨૮ | ૪,૭૦૭.૩૬ | ૧૨,૦૯૫.૨૯ | ૪,૫૦૫.૮૨ | ૪,૫૯૩.૬૪ | ૧૩,૩૧૪.૫૫ |
| ૪ | કરવેરા પછીનો ચોખ્ખો નફો, અપવાદરૂપ આઇટમ અને અસાધારણ આઇટમો પછી નૉન કંટ્રોલિંગ ઈન્ટરેસ્ટ | ૩,૪૭૬.૪૫ | ૩,૫૫૬.૧૮ | ૯,૧૨૭.૦૮ | ૩,૪૨૨.૪૭ | ૩,૫૫૬.૯૩ | ૧૦,૬૮૦.૫૩ |
| ૫ | સમય માટે કુલ વ્યાપક આવક વ્યાપક નફો (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી) | ૩,૩૯૧.૫૨ | ૩,૬૦૧.૪૬ | ૯,૦૫૦.૫૯ | ૩,૨૯૧.૩૩ | ૩,૭૮૭.૧૩ | ૧૦,૭૫૦.૨૪ |
| ૬ | ઈક્વિટી શેર મૂડી (શેર દીઠ ₹ ૧૦ ની ફેસ વેલ્યુ) | ૧,૪૯૨.૨૫ | ૧,૪૯૨.૨૫ | ૧,૪૯૨.૨૫ | ૧,૪૯૨.૨૫ | ૧,૪૯૨.૨૫ | ૧,૪૯૨.૨૫ |
| ૭ | અન્ય ઈક્વિટી | | | ૧,૩૭,૫૫૫.૬૦ | | | ૧,૪૭,૨૨૭.૩૪ |
| ૮ | શેર દીઠ આવક (શેર દીઠ ₹ ૧૦ ની ફેસ વેલ્યુ) બેઝિક અને ડાઇલ્યુટેડ ઈપીએસ (₹) | ૨૩.૩૦ | ૨૩.૮૩ | ૬૧.૧૬ | ૨૨.૮૭ | ૨૩.૭૯ | ૭૧.૩૨ |

નોંધ:

૧ ઉપરોક્ત પરિણામો સંક્ષિપ્તમાં આપેલ છે. સેબી નિયમન ૩૩ મુજબ (લીસ્ટીગં ઓબ્લીગેશન એન્ડ ડીસકલોઝ૨ રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૫ના જોગવાઈ મુજબ કંપનીના વિગતવાર ત્રિમાસિક / વાર્ષિક પરિણામો સ્ટોક એક્ચેન્જમાં આપેલ છે. કંપનીની નાણાંકીય પરિણામો સ્ટોક એક્ચેન્જની વેબસાઈટ (www.bseindia.com) અને (www.nseindia.com) તથા કંપનીની વેબસાઈટ (www.nilkamal.com) ઉપર ઉપલબ્ધ છે.

૨ બોર્ડ ઓફ ડાયરેક્ટરોએ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ₹ ૧૦ ના ફેસ વેલ્યુના ઈક્વિટી ઊપર શેર દીઠ ₹ ૨૦ (૨૦૦%) (₹ વીસ) નુ આખરી ડિવિડન્ડ સૂચવ્યુ છે.

૩ વર્તમાન ચાલુ અને ગત વર્ષના ત્રિમાસિક સમયગાળાના આકડાઓ, આ વર્ષના તપાસેલ અને નવ મહિના બીનતપાસેલ આકડાનો તફાવત છે. કંપનીના વર્તમાન અને ગત વર્ષના નવ મહિના આકડા ઑડીટરદ્વારા રીવ્યુવ કરવામાં આવેલ છે.

સ્થળ: મુંબઇ
તારીખ: ૧૪ મે, ૨૦૨૫

બોર્ડના આદેશ દ્વારા
નિલકમલ લિમિટેડ વતી
સહી/-
હિતેન વી. પારેખ
મેનેજીંગ ડિરેક્ટર













દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Thursday 15, May 2025

# દમણગંગા ટાઈમ્સ

VIMAL ENTERPRISE

શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!



આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ'' જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિગ કરી આપવામાં આવશે

Mo. 9374135780

CONTACT:RAMBHAI KUSHWAHA.

Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001

## ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદથી ખેડૂતો મુશ્કેલીમાં : સહેલાણીઓ ગેલમાં





સાપુતારા ખાતે દિવસ દરમ્યાન મધ્યમ તડકો અને સમીસાંજે વરસાદી માહોલ બાદ ધુમ્મસીયા વાતાવરણની સફેદ ચાદર ઓઢાઈ રહેતા વેકેશનની મઝા માણવા આવેલ પ્રવાસીઓનો ઉન્માદ બેવડાયો હતો.

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૧૪ :** દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં છેલ્લા દસ દિવસથી વરસી રહેલા કમોસમી વરસાદે મિશ્ર અસર સર્જી છે. એક તરફ આ વરસાદ ખેડૂતો માટે આફતરૂપ સાબિત થયો છે, તો બીજી તરફ જિલ્લાનાં કુદરતી સૌંદર્યમાં અનેકગણો વધારો થયો છે. બુધવારે ગિરિમથક સાપુતારા, શામગહાન, માળુંગા, સાકરપાતળ, વઘઇ, આહવા, સુબિર અને પૂર્વપટ્ટી સહિત સરહદીય પંથકોમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો. ભર ઉનાળામાં અચાનક આવેલા આ વરસાદથી સમગ્ર પંથકનું વાતાવરણ ચોમાસામય બની જવા પામ્યુ છે.ડાંગ જિલ્લામાં છેલ્લા દસ દિવસથી કમોસમી વરસાદનાં નીર યથાવત રહેતા સૂકી ભઠ નદીઓ અને કોતરડાઓમાં નવા નીર આવ્યા છે, જ્યારે ચેકડેમો પાણીથી છલોછલ ભરાઈ ગયા છે.જો કે,આ કમોસમી વરસાદ ખેડૂતો માટે વિનાશકારી સાબિત થયો છે. છેલ્લા દસ દિવસથી પડી રહેલા સતત વરસાદના કારણે ખેતરોમાં ઉભો પાક પાણીમાં ગરકાવ થઈ ગયો છે.જેમાં કેરી, શાકભાજી અને અન્ય પાકોને ભારે નુકસાન થવાથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે.કમોસમી વરસાદનાં પગલે જનજીવનની સ્થિતિ વિકટ બની છે. ડાંગ જિલ્લામાં સતત પડી રહેલા કમોસમી વરસાદનાં પગલે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. બીજી તરફ, આ કમોસમી વરસાદે ડાંગ જિલ્લાનાં પ્રવાસન સ્થળોની સુંદરતામાં અભૂતપૂર્વ વધારો કર્યો છે. પ્રવાસન સ્થળોએ ચોમાસા જેવુ જ વાતાવરણ સર્જાતા કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે.હાલમાં રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે નયનરમ્ય દ્રશ્યો સર્જાઈ રહ્યા છે.અહી થોડી થોડી ફૂટી નીકળેલી લીલોતરી અને વાદળોની રમઝટ પ્રવાસીઓને આકર્ષી રહી છે.ડાંગ જિલ્લામાં જંગલ વિસ્તારમાં આવેલ ઝરણાઓમાં નવા નીર આવવાથી પ્રકૃતિપ્રેમીઓ માટે આહલાદક માહોલ બન્યો છે.આમ, ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદે બે વિપરીત પરિસ્થિતિઓ ઊભી કરી છે. એક તરફ ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે, તો બીજી તરફ પ્રકૃતિની રમણીયતામાં વધારો થવાથી પ્રવાસન ઉદ્યોગને ફાયદો થવાની આશા વ્યક્ત થઈ છે.ગિરિમથક

### વલસાડ જિલ્લામાં રોયલ્ટી ચોરો બેફામ બન્યા

## વાપી હાઈવે પર રોયલ્ટી પાસ વગર રેતી ભરેલ ટ્રક ઝડપાઈ પરંતુ દંડ ન ફટકારાયો !

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૪ :** વલસાડ જિલ્લામાંથી ખનીજ ચોરી કરી રોયલ્ટી વગર વાપી અને મહારાષ્ટ્રના મુંબઈમાં રેતી માફિયાઓ ખનીજ ચોરી કરી રહ્યા છે અને વલસાડ જિલ્લાનું ખાણ ખનીજ વિભાગ તથા સરકારી વહીવટી તંત્ર તેમને રોકવામાં સદંતર નિષ્ફળ જતાં હોય તેવી પરિસ્થિતિ વાપીના નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર બની ટ્રક ચાલક સરકારી કર્મચારીઓને બેફામ ગાળો આપી મોબાઈલ ફોન ઉપર સરકારી અધિકારી સાથે વાત કરાવી બેરોકટોક રેતી ભરેલી ટ્રક હંકારી ગયો સરકારી અધિકારી અને રાહદારીઓ ઘટનાને લઈ જોતા રહી ગયાની ઘટના બની હતી.

આધારભૂત સૂત્ર દ્વારા મળતી માહિતી મુજબ ત્રણ દિવસ પહેલા વાપીથી મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ પુરુષ અધ્યાપન મંદિરઅને એપીએમસી માર્કેટ સામેથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર ૪૮ના સર્વિસ રોડ ઉપર એક રેતી ભરેલી ટ્રકને સરકારી અધિકારી કે ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા રોકી ડ્રાઈવર સાથે વાતચીત કરી ટ્રકમાં ભરેલ રેતીના જથ્થા અંગેની રોયલ્ટી માંગવામાં આવી હતી. પરંતુ ટ્રક ચાલકે તેમને રોયલ્ટી પાસ કે કોઈપણ જાતની સરકારી પરમિશન લીધેલ દસ્તાવેજ નહીં આપ્યા પરંતુ તેઓએ જે સરકારી અધિકારીઓએ ટ્રક રોકી હતી તેને ખૂબ જ ગંદી ભાષામાં ગાળો આપી અમે તમારા ઉપરી અધિકારીઓને માસિક સાલિયાણું આપીએ છીએ અને અમારી ટ્રક કેમ રોકી તેમ જણાવી પોતાનો મોબાઈલ ફોન થી સરકારી ખાણ ખનીજ વિભાગની કચેરીમાં કે અન્ય કોઈ ફોલ્ડરિયાને ફોન કરી જે ખાણ ખનીજ વિભાગના કે અન્ય અધિકારીએ ટ્રકને રોકી હતી. તેઓની સાથે મોબાઈલ ફોન ઉપર વાત કરાવી ધમકાવી ત્યાંથી રાહદારીઓની હાજરીમાં ટ્રક ચાલુ કરી બે રોકટોક ચાલી ગયો હતો જો કે સરકારી અધિકારી પણ તેમની આ હરકત થી અજાણ હોય તેમ તેમ તેમને જોતો રહી ગયો જો કે આ ઘટનામાં ટ્રક ચાલક દ્વારા રેતી કે માટી ચોરી અંગેની રોયલ્ટી તેઓ માત્ર નામ પૂરતી જ લેતા હોય છે અને બે રોકટોક વલસાડ જિલ્લામાંથી રેતી ટ્રકમાં ભરીને મહારાષ્ટ્રના મુંબઈમાં લઈ જતા હોવાની કે અન્ય સ્થળે પહોંચાડતા હોય છે જેને લઈ સરકારના ખાણ ખનીજ વિભાગને મહિને કરોડો રૂપિયાની રોયલ્ટી ચોરી કરતા હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે. સાથે આ રેતી ચોર માફિયાઓએ ખાણ ખનીજ વિભાગના કે સરકારી અન્ય અધિકારીઓ સાથે રીતસરનું બેઠક કરી કોઈપણ જાતના દર વગર રોયલ્ટી ચોરી કરતા હોય તેવું લાગી રહ્યું છે જે અંગે વલસાડ જિલ્લા ખાણ ખનીજ વિભાગ અધિકારીઓ તેમજ ખાણ ખનીજ વિભાગના મંત્રી દ્વારા તપાસ કરાવવાની જરૂર લાગી રહી છે.

### ચોમાસું વહેલું અને સારું રહેવાનાં એંધાણ


## ગણદેવીના છાપરમાં ટીટોડીએ ચાર ઈંડા મુક્યા



**ગણદેવી,તા.૧૪ :** ગણદેવી તાલુકાના છાપર ગામ ના પાદરે વૈશાખ મહિને ટીટોડી એ ચાર ઈંડા મુકતા સમયસર અને સારા વરસાદના પાકૃતિક એંધાણ પ્રાપ્ત થયા છે.

પ્રાચીન કાળમાં જ્યારે વિજ્ઞાનનો વિકાસ ન હતો ત્યારે ભાવિ વરસાદની આગાહી આપણા પૂર્વજો અવલોકન અભ્યાસની કોઠાસુઝ આધારે કરતા હતા. ચોમાસા અગાઉ અનેક રીતે વરસાદની આગોતરી આગાહી કરાતી હતી. જેમાંની કેટલીક પ્રથા આજે પણ જીવંત છે. વરસાદના આ પરંપરાગત વિજ્ઞાનને વડવાઓએ જાળવી રાખ્યું છે. જેમાં ટીટોડી નામનું નાનકડું પક્ષી ચાર કે તેથી વધુ ઈંડા મૂકે તો સારો અને સમયસર વરસાદ વરસે, ટીટોડી ઊંચાઈ પર ઈંડા મૂકે તો વ્યાપક ધોધમાર વરસાદ વરસે અને ઈંડા વૈશાખ મહિના ના અંત અગાઉ મૂકે તો ચોમાસું વહેલું બેસી જાય એવી માન્યતા પ્રચલિત છે. ત્યારે ગણદેવી કાંઠા વિસ્તારના છાપર ગામે સીમ માં ટીટોડી ના ચાર ઈંડા મળી આવ્યા છે. જેમાં ત્રણ આડા અને એક ઉભું ઈંડુ જોવા મળ્યું હતું.

## સિલીની કંપનીમાં કરંટથી શ્રમિકનું મોત




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૧૪ :** સિલી ખાતે આવેલી કેએલજે પોલિમર એન્ડ કેમિકલ લિમિટેડ કંપનીમાં બુધવારે સવારે દુઃખદ અકસ્માત સર્જાયો હતો. જેમાં કંપનીમાં મશીન ઓપરેટર તરીકે કાર્યરત ૫૬ વર્ષીય જગન્નાથસિંહનો કરંટ લાગવાથી દુઃખદ અવસાન થયું હતું. મૃતક મૂળ બિહારના સિતામઢી જિલ્લાના રહેવાસી હતા.

પ્રાપ્ત વિગતો મુજબ જગન્નાથસિંહ કામકાજ દરમ્યાન મશીનની નજીક હતાં ત્યારે અચાનક કરંટ લાગતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા. તેમને તાત્કાલિક સિલવાસા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તપાસ કરીને તેમને મૃત જાહેર કર્યા હતાં.

આ બનાવ અંગે સાયલી પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. જો કે, કેએલજે કંપનીમાં અગાઉ પણ આવા દુર્ઘટનાઓ થયેલી હોય તેવું કહેવાય છે. શ્રમિકો તરફથી એવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે, કંપનીમાં પૂરતી સેફટી વ્યવસ્થા ઉપલબ્ધ નથી, જેના કારણે આવા જીવલેણ અકસ્માતો બનતા રહે છે.

જગન્નાથસિંહના અવસાનથી તેમના પરિવાર પર આકાશ તૂટી પડ્યું છે. શોકમગ્ન પરિવારે પ્રશાસન પાસે ન્યાયની માગ ઉઠાવી છે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે, કેમ આવા લાપરવાહ ઉદ્યોગો સામે તંત્ર કાર્યવાહી નથી કરતું? શું શ્રમિકોની જિંદગીનું મૂલ્ય ક્યાંય છે? શ્રમિકોના જીવના હક માટે તંત્ર ક્યારે જાગશે?

## ખારેલમાં ટ્રક-વાન અકસ્માત : એકનું મોત, બેને ઈજા






**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા.૧૪ :** ગણદેવીનાં નેહા નં.૪૮ ઉપર ખારેલ થી ટાંકલ ગામ તરફ જતા માર્ગ ઉપર પુરપાટ દોડતી ટ્રક એ સામે થી આવતી મારુતિ વાનને અડફેટે લેતા વાન ચાલક નું ગંભીર ઈજા થવાથી ટૂંકી સારવાર બાદ કરુણ મોત નિપજ્યું હતું. જયારે કારમાં સવાર અન્ય બેને નાની મોટી ઈજા પહોંચી હતી.

ગણદેવી તાલુકાના ગણદેવા ગામે ઝાડી ફળીયામાં રહેતા જગદીશ રામુભાઈ પટેલ (૪૯) મંગળવારે સાંજે ચાસા ગામે વેપારીને ત્યાં કેરી આપવા માટે બે શ્રમજીવી મજૂર શૈલેષભાઇ હળપતિ અને મનીષ હળપતિ સાથે પોતાની મારુતિવાનમાં ગયા હતા. કામ આટોપી મોડી સાંજે પરત ફરતા હતા. ગણદેવાથી વાન પસાર થઈ રહી હતી. તે સમયે સામે થી પુરપાટ ઝડપે આવતી ટાટા ટ્રક નં. જીજે ૦૫ જે એ ૯૦૪૫ના ચાલક મંજુનાથ સોમન્ના કુરબાએ(૩૭) રહે. કર્ણાટક એ ધૂમ સ્ટાઈલ એ અન્ય વાહન ને ઓવરટેક કરીને કારને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલક જગદીશ પટેલને છાતીમાં કપાળ માં અને જમણા પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે કારમાં સવાર બંને શ્રમજીવી ને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત જગદીશ પટેલને તુરંત ખારેલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. જયાં ટૂંકી સારવાર દરમ્યાન તેનું કરુણ મોત નિપજ્યું હતું ગણદેવી પોલીસ એ અકસ્માત મોત નો ગુનો નોંધી વધુ તપાસ એએસઆઈ સંદીપ શ્રીરામ કરી રહ્યાં છે.

## જામલીયાનાં ઈસમનું બાઈક સ્લીપ થતાં મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૧૪ :** ધરમપુરનાં જામલીયા, બોંડારપાડા ફળીયામાં રહેતા રૂત્વીકભાઇ ચિંતાભાઈ પવાર હોન્ડા બાઈક .નં.GJ-15-DE-9906ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી બાઈક ઉપરનો કાબુ ગુમાવી બાઈકને સ્લીપ ખવડાવી પોતાના માથાના ભાગે તથા મોઢાના ભાગે ગંભીર ઈજા તથા બાઈકની પાછળ બેસેલ કૌશિકભાઈ મનસુખભાઈ વાઘેરા નાઓને મોઢાના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી જેમાં રૂત્વીકભાઇ ચિંતાભાઈ પવારનું સારવાર દરમ્યાન મોત નીપજતા આગળની તપાસ ધરમપુર પોલીસ હાથ ધરી છે.

## નંદાવલા હાઈવે પર કાર ડિવાઈડર સાથે ભટકાઈ : ચારને ઈજા

**વલસાડ, તા. ૧૪ :** સુરતના ચાર મિત્રો વાપી અંગત કામ પતાવી ગઈકાલે પોતાની કાર લઇ પરત સુરત જતી વખતે વલસાડના નંદાવલા હાઈવે પર આવેલી ખાડીના પુલ ઉપર ડિવાઈડર સાથે ધડાકાભેર કાર અથડાતા કારમાં સવાર સુરતના ચાર મિત્રોને ઈજા થતાં ૧૦૮ મારફતે વલસાડની સિવિલ હોસ્પિટલમાં સર્વાર્થે ખસેડવામાં આવ્યા છે.

સુરતના ૪ યુવકો પોતાની બ્રેઝા કાર નંબર જીજે ૦૫ જે. એસ. ૮૩૭૩ને લઈ સુરતથી વાપી કામ અર્થે ગયા હતા. વાપીમાં કામ પતાવી પોતાની કાર માં સુરત જતી વખતે વલસાડ નજીક ના નંદાવલા ગામે નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલી ખાડી ના ડિવાઈડર સાથે ધડાકાભેર કાર અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટના બનતાજ આસપાસના લોકો તેમજ રાહદારીઓને મદદ માટે દોડી આવ્યા હતા અને કારમાં ફસી ગયેલા ચાર મિત્રોમાં કલ્પેશ અરવિંદભાઈ મોદી ઉ.વ ૪૫, ચેતનભાઈ ઉ.વ ૫૦, હિતેશ વસનલાલ પસ્તાગીયા ઉ.વ ૪૭, આ તમામ રહે.પરવત પાટીયા સુરત અને અલ્પેશ ધનસુખ સુખડીયા ઉ.વ ૪૭ રહે.અડાજણ સુરત મિત્રોને રોડની આજુબાજુ સ્થાનિક લોકોએ બહાર કાઢ્યા હતા. નાની મોટી ઈજા થઈ હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ અને વલસાડ રૂરલ પોલીસની ટીમ તાત્કાલિક દોડી આવી હતી ઈજાગ્રસ્ત ૧૦૮ એમ્બ્યુલન્સમાં વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા . અકસ્માત બાદ હાઈવે ઉપર ટ્રાફિકજામના સર્જાયું હતું..જોકે વલસાડ રૂરલ પોલીસની ટીમે અકસ્માત થયેલી કારને ક્રેઈનની મદદથી સાઈડે કરી હાઈવે ખુલ્લો કરવામાં આવ્યો હતો.

## ચીખલી રેફરલમાં ઉચાપત કેસમાં મુખ્ય આરોપીની બહેન ધરપકડ બાદ સબજેલમા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૧૪ :** ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ૧.૬૪ કરોડના કૌભાંડમાં બે આરોપીઓની ધરપકડ થયા બાદ વધુ એક મહિલાની ચીખલી પોલીસે ધરપકડ કરી છે જેમાં આ મહિલાનું બેન્ક એકાઉન્ટનો ઉપયોગ કરી જેમાં ૩૫ લાખથી વધુની રકમ જમા કરાવવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું.

ચીખલી ની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં થોડા સમય અગાઉ ૧.૬૪ કરોડની ઉચાપતના કેસમાં જે તે સમયે આઉટ સોર્સિંગના કર્મચારી સતીશ છનાભાઇ ભોંયેની ચીખલી પોલીસે ધરપકડ કરી હતી અને ત્યારબાદ વધુ તપાસ હાથ ધરતા ચીખલી તાલુકાના રૂમાલ ગામે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આઉટ સોર્સિંગ તરીકે ફરજ બજાવતા વિમલ મહેન્દ્રભાઈ પાડવી રહે. રૂમલા બરડીપાડા તા. ચીખલી ની ધરપકડ કરવામાં આવી હતી ત્યારબાદ ચીખલી પોલીસે ઝીણવટ ભરી તપાસ આદરતા અને સતીશ ભોયા દ્વારા કરવામાં આવેલ ઉચાપતના પૈસા કોના ખાતામાં નાખવામાં આવ્યા જેની તપાસ કરતા સતિષ ભોયાની બહેન ચૈતાલીબેન છનાભાઈ ભોયા ઉ.વ. ૨૭ રહે. માંડવખડક સીંગડવેરી ફળિયા તા. ચીખલી ના બેંક ખાતાનો ઉપયોગ થયો હોવાનું જણાય આવતા ચૈતાલી ભોયાના બેંક ખાતામાં આશરે ૩૭ લાખથી વધુની રકમનો ટ્રાન્જેક્શન કરવામાં આવ્યું હોવાનું બહાર આવતા ચીખલી પોલીસે ચૈતાલીબેન ભોયાની મંગળવારના રોજ ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા રિમાન્ડ ન મળતા નવસારીની સબ જેલમાં ધકેલવામાં આવી છે ત્યારે આ ઉચાપતના ગુનામાં હજુ કેટલા કર્મચારીઓના નામો બહાર આવે તે હવે જોવું રહ્યું.

## દમણમાં પ્રિ-મોન્સુન કામગીરી જરૂરી



**દમણ, તા.૧૪ :** ચોમાસા પહેલા ગટર લાઈનોમાં અવરોધ તપાસવાની અને ખાડાઓ ભરવાની જરૂર છે.

એક દિવસ પહેલા જ, એક ગર્ભવતી મહિલા ગટરમાં પડી જવાથી ઘાયલ થઈ હતી. પૂજા બે મહિનાની ગર્ભવતી હતી અને ડૉક્ટરને મળીને પરત ફરી રહી હતી. સરકારી ગટર લાઇનનો બ્લોક તૂટી ગયો અને તે અંદર પડી ગયો. નજીકના લોકોએ તેને બહાર કાઢ્યો અને એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ મોકલ્યો. લોકોએ જણાવ્યું કે દમણમાં ઘણી જગ્યાએ રસ્તા બનાવવામાં આવ્યા છે અને બાજુઓ પર ગટર બનાવવામાં આવી છે. ગટર પર જે બ્લોક્સ લગાવવામાં આવ્યા છે. તેની તપાસ થવી જોઈએ. ઘણી જગ્યાએ બ્લોક તૂટી ગયા છે જેના કારણે અકસ્માતનો ભય છે.


આ સાથે તમે જ્યાં પણ ઉભા છો, તેનું પણ ચોમાસા પહેલા સમારકામ કરાવવું જોઈએ જેથી કોઈ પણ પ્રકારની દુર્ઘટના ન બને.

## ઉમરસાડીથી દારૂ ભરેલ કાર ઝડપાઈ

**વાપી, તા.૧૪ :** વલસાડ જિલ્લા એલસીબી પોલીસની ટીમે ગત મંગળવાર ની વહેલી સવારમાં પારડી તાલુકાના ઉમરસાડી ગામે પેટ્રોલિંગ દરમિયાન પોલીસને ભરાફળીયા વિસ્તારમાં એક સફેદ સ્વિફટ કાર ડી એન ૦૯ કે ૨૫૦૫ શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી.

પોલીસે કારની તપાસ કરતા પાછળની સીટ અને ક્લીનર સીટ નીચેથી વિદેશી દારૂની ૭૨૦ બોટલ અને બિયરના ટીન મળી આવ્યા હતા. આથી પોલીસે જપ્ત કરાયેલા દારૂની કિંમત રૂા. ૧,૨૧,૫૩૬ છે. કારની કિંમત રૂા. ૩ લાખ સાથે કુલ રૂ. ૪,૨૧,૫૩૬નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

A FAMILY WATERPARK




VAPI-DAMAN AIR PORT ROAD, KUNTA.
Cell : 98251 20466

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**